# સહજ-સત્સંગ

Year : 1 Issue : 8 Dt. 1-9-2013 Page - 52 માસિક



## ચતુર્થ સપ્તર્ષિ - વિશ્વામિત્ર



# મા મીરાંબિકા

Lord, give us the indomitable courage
that comes from a perfect trust in Thee

- The Mother

## તારો ભરોસો

ભાવાનુવાદ

પ્રભુ, અમને આપજે અતુલ, અજેય સાહસ અતિ,
જે પ્રગટે અડગ શ્રદ્ધામહિ, કે તું જ જીવન-સારથિ.
હરશ્વાસ તારા થકી, હર કર્મ તવ આરાધના,
જીવનની ઘટમાળ પણ, તારી અનુપમ નવલિકા.
તું જ પ્રેરણા, કર્મને, તું જ ભોક્તા જીવન તણો,
તારા વિના ન અસ્તિત્વ મારું, એ ભરોસો મમ ઘણો.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## આપણા સહાયકો અને તેમની પદ્ધતિઓ

(૩૦ સપ્ટેમ્બર ૧૯૧૪ - પૃ.૧૮૬-૧૮૮)



આ સાક્ષાત્કારના એક પણ સ્વરૂપને અમારે ભૂલી જવાનું નથી એ સર્વ સ્વરૂપોની સિદ્ધિને અમારે એકી સાથે ચાલુ રાખવાની છે. એમાંના એક પણ સ્વરૂપની..... ઉપેક્ષા કરવાની નથી.

પ્રભુ તું તારી પરમ-રીતે અમારી સાધનામાં તારો સાથ પૂરી રહ્યો છે.

જે લોકો તારા રૂપે જ આવી રહ્યાં છે. તેઓ કોઈ ખાસ પ્રવૃત્તિ દ્વારા..... તારો જ આવિર્ભાવ રચી રહેલાં છે. તેઓ પણ અમારા સહાયકો બનશે. તારી તેવી જ ઈચ્છા છે.

આપણા મા ભગવતી આપણી સાથે જ છે. આપણને તેમણે અભય આપ્યું છે કે તે સૃષ્ટિની પરમ અને પૂર્ણતમ ચેતના સાથે અતાગ ઊંડાણોથી બાહ્યજગત સુધી, એકરૂપતા પ્રાપ્ત કરશે.

અગ્નિની પાવકજ્વાલા આપણા વિઘ્નોનો નાશ કરશે. શક્તિને પ્રગટાવશે, સંકલ્પોને પ્રેરિત કરશે. સાક્ષાત્કારની ઘડીને નજીક લાવશે. ઈન્દ્ર આપણાજ્ઞાનને પૂર્ણતાએ પહોંચાડી આપશે. દિવ્ય સોમ, પરમઆનંદને દિવ્ય-પ્રેમમાં પલટાવી દેશે.

ઓ મધુર મૈયા, મારી ઉત્કટ ઊર્મિઓ તારા ચરણે ધરું છું.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુનો શબ્દ : સમષ્ટિમાં પૂર્ણતા સાથે સંવાદિતા) | ૩ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૬ |
| **દિવ્યજીવન** (દિવ્ય જીવનનો આધાર) | ૯ |
| **માતૃવાણી** (સ્વપ્નાંઓનું મહત્ત્વ) | ૧૧ |
| **સાવિત્રી** (સિદ્ધયોગીની ભૂમિકા) | ૧૫ |
| **યોગ વિષે પત્રો** (નિવાર્ણ : એક મધ્યાવસ્થા) | ૧૮ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (ગીતા અને શ્રી અરવિન્દનો સંદેશ) | ૨૨ |
| **ઉપનિષદો** (જ્ઞાન અને અજ્ઞાન) | ૨૫ |
| **વેદ-રહસ્ય** (ઉષાનું સ્વરૂપ ) | ૨૮ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (માનવોનો પ્રભુ પ્રેમ (૫૦)) | ૩૨ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (ધન સંપત્તિને કેવી રીતે ભોગવશો ?) | ૩૩ |
| **જાતક કથાઓ** (સત્સંગનો મહિમા) | ૩૫ |
| **સાંજના વાર્તાલાપો** (શ્રી અરવિન્દનું એક સૂચક સ્વપ્ન) | ૩૬ |
| **યોગ પર દીપ્તિઓ** (યત્ પિંડે તત્ બ્રહ્માંડે) | ૩૮ |
| **વેદવિજ્ઞાન** (વૈદિક દેવતા - સૂર્ય (આદિત્યાઃ) | ૪૧ |
| **યોગનાં મૂળતત્ત્વો** (અભીપ્સા) | ૪૪ |
| **પરમ પ્રકાશની આરાધના** | ૪૭ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૮ વર્ષ : ૧
સપ્ટેમ્બર - ૨૦૧૩

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચુકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**

# આપણા સહાયકો અને તેમની પદ્ધતિઓ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

હે અગ્નિ, તારું આવાહન કરું છું. તું વધુ જીવંત બન, તારી વેદીને વિશાળ કર, તારી જ્વાલાઓને ઉપર ચડાવ..... સમગ્ર શરીર પ્રકાશથી ઝળહળી ઉઠે.

હે ઈન્દ્ર, મારી સાથે એકરૂપ થઈ જા. દિવ્યજ્ઞાનનું સ્થાપન કર, વિચારોની મર્યાદાઓ ભાંગી નાખ.

હે પરમપ્રેમ, મારા અસ્તિત્વના તું સારરૂપ છો. તું સમગ્ર વિશ્વમાં કણેકણમાં રણઝણી રહ્યો છે. તું શુભ ઈચ્છાઓ દ્વારા પ્રગટ થાય છે. યાતનામાં તેમની પાછળ છુપાઈ જા. હે પ્રેમ, મને વરદાન આપ કે સમગ્રરૂપે તું જ છે, તું જ પ્રભુરૂપ છો.

પ્રભુ તું આ બધાં જ કાર્યો સાથે એકરૂપ છો અને છતાં તેથી પણ વધુ છો. પૂર્ણ સાક્ષાત્કારનો આવિર્ભાવ થવા દે. જેથી તારું પોતાના આવિર્ભાવનું કાર્ય આગળ ધપે અને અંતે સિદ્ધ થાય.

આપણી સાધનામાં સહભાગી થતાં મદદ કરતા અનેક સહાયકો છે. તેમાં પરમ પ્રભુ અને મા ભગવતી પોતે ખૂબ જ મહત્વનાં છે. તદ્ઉપરાંત અગ્નિ, ઈન્દ્ર સોમ જેવા દેવગણો કરે જ છે. તે સિવાય અવતારો અને વિભૂતિઓ પણ મદદરૂપ છે. અન્ય ગુરુજનો પણ મદદમાં હોય જ છે.

પ્રભુની પોતાની મદદ કરવાની પરમ-રીત છે. તે પોતે જ સાધક અને જગત બન્ને બનેલો છે અને સાધક તરીકે, આપણા રૂપે જ તે સાધના કરે છે અને તેના પરિણામ રૂપ જગત તરીકે પોતે જ વિકસિત બને છે.

પ્રભુ પોતાના આ કાર્ય માટે અવતાર ધારણ કરે છે. તે પ્રભુરૂપ જ હોય છે અને પ્રભુના સંકલ્પ પ્રમાણે જ કાર્ય પાર પાડવા આવેલા હોય છે. તેઓ ઉત્ક્રાંતિનો જુના તબક્કો પૂરો થાય અને નવો તબક્કો શરૂ થાય, તે સંક્રાંતિ કાળમાં નવા તબક્કામાં કેવી રીતે પ્રવેશ મેળવવો તે પોતે પોતાની સાધના દ્વારા સમજે છે અને

(અનુ.પૃ.૮ ઉપર)

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

આ ઉપરાંત ઑરોવિલના ધ્યેયને પ્રગટ કરતાં શ્રી માતાજીએ કહ્યું હતું કે 'ઑરોવિલ એક વિશ્વનગરી બનવા ઈચ્છે છે. જ્યાં તમામ દેશનાં સ્ત્રી પુરુષો સઘળી સાંપ્રદાયિકતા, રાજકારણ અને રાષ્ટ્રીયતાઓથી પર થઈને પ્રગતિશીલ, સંવાદપૂર્ણ અને શાંતિમય જીવન જીવી શકે. માનવ એકતાને પ્રગટ કરવી એ ઑરોવિલનું ધ્યેય છે.

આજે તો આ વિશ્વનગરી પ્રત્યે વિશ્વના ચિંતકો, મનીષીઓ, ટેકનોક્રેટો આકર્ષાયા છે. યુનેસ્કોએ તો એના માટે વિશિષ્ટ ઘોષણાપત્ર પણ બહાર પાડ્યું છે. આજે ત્યાં ત્રણ સ્કૂલો ચાલી રહી છે. ૮૦ જેટલા ઔદ્યોગિક એકમો કાર્ય કરી રહ્યાં છે. ભારતભવનનું નિર્માણ થઈ રહ્યું છે. ઑરોવિલના હૃદયસમું માતૃમંદિર તો જાણે સમગ્ર પૃથ્વીની એકતાને પ્રગટ કરનાર એક સ્વર્ણિમ વિરાટ ગરબો અંતરિક્ષમાંથી આવિર્ભાવ પામ્યો ન હોય ! આ વિરાટ ગોળા ઉપર સોનાના ઢોળ વાળી 'ડિસ્ક' જડવામાં આવી છે. દૂરથી પણ સૂર્યના કિરણોથી ઝળાંહળાં થતો આ સુવર્ણગરબો ભવ્ય લાગે છે. જડપદાર્થમાં પણ જો દિવ્યચેતનાનો આવિર્ભાવ થાય તો કેવું અનુપમ સૌંદર્ય પ્રગટ થાય, તેનું ઉદાહરણ આ માતૃમંદિર પૂરું પાડે છે.

હજૂ ઑરોવિલના બધાં આવાસો પૂર્ણ થયા નથી. જ્યારે ઑરોવિલ સૂંર્ણપણે તૈયાર થઈ જશે ત્યારે માનવચેતનાના વિકાસમાં, એકતાની દિશામાં એક વિરાટ પગલું ભરાયું હશે. તેથી સમગ્ર માનવજાતિ માટે યુદ્ધ નહીં પણ સંવાદિતા, પરસ્પર વેરઝેર નહીં પણ પ્રેમ, ભેદભાવ નહીં પણ ભ્રાતૃભાવ અને સત્તા નહીં પણ સેવાથી સભર આનંદમય જીવનનાં દ્વારા ખુલ્લાં થશે અને યુગોથી માનવજાતિ જે ઝંખતી આવી છે, તે પરમાત્માનું શાસન સ્થાપવાની શક્યતા બની આવશે. પછી તો કોઈ એક સ્થળ નહીં પણ સમગ્ર પૃથ્વી શ્રી માતાજીના દિવ્યસ્વપ્ન સમી આત્માના

વિકાસનું સ્થળ બની જશે.

શ્રી માતાજીએ સમગ્ર પૃથ્વીને અંધકારમાંથી ઊંચકીને પ્રભુના પ્રકાશમાં મૂકી દીધી ! દુ:ખી માનવજાતિને પોતાના કરુણાના બાહુઓમાં ધારણ કરીને તેને દુ:ખમુક્તિનો માર્ગ આપ્યો. ૫ એપ્રિલ ૧૯૧૩ની પ્રાર્થનામાં તેઓ પૃથ્વીને કહે છે : ''ઓ દુખિયારી ધરતી, તું સ્મરણ રાખજે કે હું તારામાં હાજર છું. નિરાશ ન થઈશ, તારા હૃદયનો પ્રત્યેક પ્રયત્ન, પ્રત્યેક શોક, પ્રત્યેક આનંદ, પ્રત્યેક પોકાર તને અચૂક રીતે મારા તરફ લાવી રહ્યો છે. તને જે શોકમય લાગે છે, જે આનંદમય લાગે છે, જે કુરૂપ લાગે છે, જે સુંદર લાગે છે, તે બધું જ અપવાદ વગર, તને મારા તરફ લાવી રહ્યું છે, હું કે જે અનંત શાંતિ છું, છાયાહીન પ્રકાશ છું, પૂર્ણ સંવાદિતા છું, નિશ્ચિતતા છું, વિશ્વાસ અને પરમ મહાસુખ છું, હે પૃથ્વી તું સાંભળ, આ પરમ અવાજને સાંભળ અને ધૈર્ય રાખ.''

શ્રી માતાજીએ પૃથ્વીને પોતાની વિરાટ ચેતનાથી આવૃત્ત કરી. આ પૃથ્વી ઉપર તેમણે એવો પ્રકાશ ઉતાર્યો કે જે પ્રકાશને અંધકારની છાયા ન હોય, એક એવો આનંદ સ્થાયી કર્યો કે જે આનંદની ભીતરમાં શોક છુપાયો ન હોય. એક એવી સંવાદિતા સ્થાપી કે જેમાં ભેદનું બીજ ન હોય, એક એવી શાંતિ પ્રસ્થાપિત કરી કે જેની ભીતરમાં દાવાનળ સૂતેલો ન હોય ! આવા દ્વન્દ્વહીન, પરમ દિવ્ય જગતને માટે જે કંઈ જરૂરી હતું, એ બધું એમણે સૂક્ષ્મમાં રચી આપ્યું અને પછી પોતે પાર્થિવ દેહનો ત્યાગ કરી સૂક્ષ્મમાં તેજોમય સ્વરૂપમાં ચાલ્યા ગયા.

હવે શ્રી માતાજી દેહમાં નથી, તેમની પ્રત્યક્ષ હાજરી નથી, તો પછી દેહના દિવ્ય રૂપાંતર માટેનું, પૂર્ણયોગની સાધના માટેનું માર્ગદર્શન કોની પાસેથી આપણે મેળવી શકીશું ? આવો પ્રશ્ન સહેજે આપણને થાય છે. પરંતુ શ્રી માતાજી દેહમાં રહીને જે રીતે મદદ કરતાં હતાં, એથી વિશેષ તેઓ હવે વ્યાપક ચેતના રૂપે રહીને આપણને મદદ કરી રહ્યાં છે. ફક્ત આપણી ભૌતિક આંખો એ જોઈ શકતી નથી. પણ જેમનામાં સૂક્ષ્મ દૃષ્ટિ જાગ્રત છે, જેમનામાં તીવ્ર અભીપ્સા છે, તેઓ શ્રી માતાજીનો સંપર્ક સાધીને તેમની સહાય મેળવી શકે છે. શ્રી માતાજીએ પોતે જ કહ્યું છે કે, ''પરમ ચેતનાથી માંડીને છેક શારીરિક ભૂમિકા સુધી હું તમારી સાથે જ છું. હું તમારી સાથે ઘણી જ સઘન રીતે આવેલી છું. જે લોકોમાં સૂક્ષ્મદૃષ્ટિ છે,

તેઓ મને જોઈ શકે છે.'' શ્રી માતાજીએ આપણને આપેલું આ અભય વરદાન છે કે તેઓ સદાકાળ, દરેક ભૂમિકામાં આપણી સાથે જ છે. દેહમાં હતાં ત્યારે જે રીતે સાથે હતાં, એ જ રીતે ચેતના સ્વરૂપે પણ આપણી સાથે જ છે. છેક અચેતનથી માંડીને પરમચેતન સુધીની સીડીના દરેક પગથિયે શ્રી માતાજી આપણને આગળના પગથિયે લઈ જવા માટે ઊભેલાં છે. ચૈતન્યની સીડીનાં આ બધાં જ પગથિયાંઓ આપણે એમની આંગળી પકડીને સહેલાઈથી સડસડાટ ચઢી શકીએ છીએ. તેમના પ્રેમ, કરુણા અને કૃપા અસ્ખલિત વહી રહ્યાં છે. એને આપણે ઝીલીએ, પચાવીએ અને તેમના સાંનિધ્યમાં આપણે નિશ્ચિંત બનીને એમણે કંડારેલા સૂર્યપ્રકાશિત માર્ગ પર વેગથી આગળ વધી શકીએ, એવી શ્રીમાના ચરણોમાં પ્રાર્થના કરીએ.(સંપૂર્ણ)

---

(અનુ.પૃ.૫ ઉપરથી)

## પ્રાર્થનાઓ અને ધ્યાન

લોકોને તે મુજબ શીખવી નવા તબક્કા ને વાસ્તવિક કરવાની પ્રક્રિયા શરૂ કરે છે. તેઓ પણ આપણને વિશિષ્ટ યોગદાન આપીને મદદ કરે છે.

જગન્માતા આપણી ઉત્ક્રાંતિમાં સતત સંરક્ષણ તો આપે જ છે. તદુપરાંત તેઓ બાહ્ય-જીવનને પરમ ચેતના સાથે સુસંવાદી રીતે ગોઠવી તે સમગ્ર વસ્તુને એક અખંડ વસ્તુ બનાવી આપે છે. તેમની મદદ તો અનિવાર્ય છે.

દેવગણને તો પ્રભુએ લોકોની ચેતનાના વિવિધ દિવ્યપાસાંઓ ખીલવવા જ નિર્માણ કર્યા છે. દા.ત. અગ્નિ આધ્યાત્મિક જાગૃતિ લાવે છે. અને વિશુદ્ધિ આપે છે. તેને આપણા સ્વરૂપમાં ફેલાવે છે. શરીરને પ્રકાશથી ભરી દે છે. ઈન્દ્ર પ્રકાશમય મન રચી સાધનાને માર્ગદર્શન પૂરું પાડે છે. વ્યવહારુમનનો પ્રભાવ નષ્ટ કરે છે. સોમ દિવ્ય આધ્યાત્મિક આનંદના ઝરણાંને આપણા ચિત્તમાં ખોલી આપે છે. દિવ્ય-પ્રેમને પ્રગટાવે છે. જે બધાંને પ્રભુસ્વરૂપ ગણી પ્રેમ કરે છે. પ્રેમ એ જીવનનું સત્વ છે. તે વિશ્વયાપી તત્વ છે. શુભભાવના અને સંકલ્પો દ્વારા પ્રગટ થાય છે. તે પ્રભુરૂપ જ છે.

હે પ્રભુ તું આ બધાં સાથે એકરૂપ છે અને તેથી ઉપર પણ છે. પ્રભુ નવા અતિમનસ તત્વનો અને તેના સાક્ષાત્કારનો આવિર્ભાવ કર, જેથી જગત પ્રભુના આવિર્ભાવ રૂપ લાગે. તારું નવા તબક્કાનું કાર્ય સિદ્ધ થાય.

# દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

## દિવ્ય જીવનનો આધાર

પ્રકરણ - ૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

માનવ પણ જ્યારે દિવ્ય જીવનને પોતામાં ખીલવવાનો પ્રયત્ન કરતો હોય છે ત્યારે તેને પણ પોતાનો એક ભાગ શાંત, સ્થિર, અચલ અને સાક્ષીભાવે જોતો લાગે છે. આ છે અચલ બ્રહ્મની અનુભૂતિ અને એ સભાન ચેતનામાં તેને પોતાની જ આત્મશક્તિ કેવી રીતે પોતાના ઘટકોને ઘાટ આપતી હોય છે તે પણ સમગ્ર પ્રક્રિયા સમજાતી હોય છે. પોતાની આત્મશક્તિ એ જ સબલબ્રહ્મ છે. તે જ તેની અંદરની સક્રિય દિવ્ય ચેતના છે. તે જ તેનો ચૈત્યપુરુષ છે. દિવ્ય ચેતનાનું તે કેન્દ્ર હોય છે. તેના સ્વરૂપનાં મન, પ્રાણ, શરીર એ તેની પ્રકૃતિ છે. આ રીતે પ્રકૃતિ અને પુરૂષનો આંતર વિનિમય સાધક પોતે અનુભવતો હોય છે. દૈવી જીવનની આ આંતરિક સ્થિતિ હોય છે. તેની અચલ ચેતનામાં કોઈ આકાર આવિર્ભાવ પામતો નથી. ત્યાં કોઈ ક્રિયા હોતી નથી. ત્યાં બધું જ જાણે ઓગળી ગયેલું હોય છે. બધું જ સામ્યાવસ્થામાં હોય છે. પ્રલયાવસ્થામાં હોય છે. તેને સાંખ્ય વિસર્ગ અવસ્થા તરીકે જણાવે છે. ત્યાં બધાં જ સર્જનો જાણે વિલીન થઈ ગયેલાં હોય છે. વેદો આ સામ્યાવસ્થાને ‘અસત્’ કહે છે. જો જગત સત્ય હોય સત્ હોય અને તે સમગ્ર રીતે અહિં વિલીન થઈ ગયેલું હોય તો આ અવસ્થાને ‘અસત્’ કહેવું પડે. તેથી તૈતરેય ઉપનિષદના ઋષિ ક્રાંતિકારક વિધાન કરે છે કે પહેલાં બધું ‘અસત્’ હતું અને આ ‘અસત્’માંથી ‘સત્’ જન્મ્યું.

આ ‘અસત્’ અને ‘સત્’ શબ્દ ઋષિ ખૂબ જ ખાસ અર્થમાં જ વાપરે છે.

આપણે જે અર્થ લેતાં હોઈએ છીએ તે તેમાં અભિપ્રેત નથી. જગતમાંની દરેક વસ્તુનો અભાવ એ જ અસત્ અવસ્થા છે. તેમાં total exclusionનો ભાવ છે. 'ન ઈતિ ન ઈતિ' માર્ગનો અંતિમ તબક્કો છે. એક એક વસ્તુ છોડતાં છોડતાં પછી કાંઈ છોડવાપણું રહેતું નથી. તેવી નિરાકાર, નિષ્ક્રિય, શાંત, અચલ ચેતના જ રહે છે. તે જ 'અસત્' છે. આ 'અસત્' કાલાતીત છે. સ્થલાતીત છે. કાળ અને સ્થળથી પર છે. તેમાં આકાર કે ક્રિયા નથી. આને આપણે અનિવર્ચનીય તરીકે ગણાવીએ છીએ. તેનું વર્ણન કરવું શક્ય નથી. તેથી તેને અજ્ઞેય તરીકે ગણાવીએ છીએ. અજ્ઞેય એટલે ભાષા દ્વારા અજ્ઞેય. આંતરિક પ્રેરણાથી તેને જાણી શકાય છે. પણ ઈન્દ્રિયોથી જાણી શકાતું નથી. (બુદ્ધિગ્રાહ્યમ્ અતિન્દ્રિયમ્ - ગીતા) આ અજ્ઞેય તત્ત્વ પોતેજ સાકાર થાય છે. પણ કોઈ આકાર તેને પૂરેપુરૂં પ્રકટ કરી શકતું નથી. તે તેના કોઈ પાસાને પ્રકટ કરે છે, પણ તેને સર્વાંગપૂર્ણ પ્રકટ કરવાની ક્ષમતા નથી કોઈ આકારમાં, નથી કોઈ વિચારમાં.

આ અજ્ઞેય એ જ પરમ બ્રહ્મ છે. એ જ પરમ-ચેતના છે. તેમાં કોઈ આંતરિક ભેદ નથી. તે એકરસ છે. ચિદ્‌ઘન છે અને આ એકમેવ તત્ત્વ પોતે જ પોતાના સંકલ્પથી પોતાનો જ આવિર્ભાવ કરવા પ્રવૃત્ત થયેલ છે. તે એક જ છે અનેક રૂપે દેખાય છે. તે તેનાં જ વિવિધ રૂપો માત્ર છે. સમુદ્ર એક જ હોય છે, તેના તરંગો જુદાં દેખાય છે.

તેથી અંતે આપણે એ તારણ ઉપર આવીએ છીએ કે એક સર્વવ્યાપી સત્ છે અને આ વિશ્વ તેનો પોતાનો જ આવિર્ભાવ માત્ર છે. અને આ આવિર્ભાવ તેનાથી જુદો નથી પણ તેના જ તરંગો માત્ર છે. તે સત્ છે. તે જ ચેતના પણ છે. તે પોતાનો જ આંતિરક આનંદ પ્રકટ કરવા જગત રૂપે આવિર્ભાવ પામી રહ્યો છે. આનંદ એ પણ તેનો જ મૂળભૂત સ્વભાવ છે.

તે સત્ ચિત્ આનંદ સ્વરૂપ છે. આજે આ તત્ત્વ આપણે શ્રદ્ધાથી સ્વીકારવાનું છે પણ સાધનાની અંતે તેવી જ અનુભૂતિ અને અનુભવસિદ્ધ જ્ઞાન થાય છે.

આ શ્રદ્ધા સાથે દૈવી જીવનને સિદ્ધ કરવા આપણે પ્રવૃત્ત થવાનું છે. આ પરમ-ચેતના આપણું જ સ્વરૂપ હોવા છતાં તે આપણું સ્વરૂપ વિસરાઈ ગયેલું છે

(અનુ.પૃ.૪૦ ઉપર)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# સ્વપ્નાંઓનું મહત્વ

(માતૃવાણી ભા.-૧૫, પૃ.૨૮૧-૨૮૮)

પ્રકરણ - ૩૭

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ તે ખરેખર અનુભૂતિ હતી - સ્વપ્ન કરતાં અધિક વસ્તુ. પૃ.૨૮૧

૨ કેટલાંક એવાં સ્વપ્નાંઓ હોય છે જે ચેતવણી આપતાં હોય છે. તેમાં એકની એક વસ્તુ ધ્યાન ખેંચવા થયા કરે છે. પૃ.૨૮૨

૩ સ્વપ્નામાંના શરીરમાં જે તે વ્યક્તિનો સમગ્ર ભાગ, એકાદો ભાગ, એકાદી ક્રિયા માત્ર હોઈ શકે છે. પૃ.૨૮૨

૪ ચૈત્યપુરુષ આવા આભાસ ગ્રહણ કરતો નથી. પૃ.૨૮૨

૫ સ્વપ્નાંમાં જે જુઓ છો તેમાં સ્વલક્ષી **(Subjective)** ભાગ કાયમ હોય છે. પૃ.૨૮૨

૬ સ્વપ્નાંઓ એ અવચેતનમાં સંગ્રહ થઈ ગએલી કોઈ વસ્તુની જાગૃતિ હોય છે. પૃ.૨૮૩

૭ વારંવાર આવતાં સ્વપ્નાંમાં એક એવું હાલનું બિન્દુ હોય છે જે તમારા પૂર્વ-જીવનમાં પણ બનેલું. પૃ.૨૮૩

૮ સ્વપ્નાંઓ તમારી ચેતનાની વર્તમાન સ્થિતિ દર્શાવે છે. પૃ.૨૮૩

૯ તમે થાકેલા હો ત્યારે સૂઈ ન જવું. અવચેતનમાં સરી પડશો. પૃ.૨૮૪

૧૦ દરેકે ઊંઘતા પહેલા આરામ કરવો જોઈએ.પૃ.૨૮૪

૧૧ માતાજીને તમે સ્વપ્ન દરમિયાન શારીરિકમાં, પ્રાણમાં, મનમાં, અવચેતન

**અને અચેતન કક્ષાએ જોઈ શકો છો. પૃ. ૨૮૫**

**૧૨ ઊંઘતા પહેલાં તમે ખૂબ મુલાયમભરી શિથિલતા પ્રાપ્ત કરો તો તમને ઊંઘતા પહેલાં ખૂબ આનંદનો અનુભવ થશે. પૃ. ૨૮૬**

**૧૩ તમે તમારા શરીરમાંથી સ્વપ્ન દરમિયાન બહાર જાઓ ત્યારે પ્રાણમય જગતમાં સચેતન હો છો, ત્યાં અનંત રીતનું વૈવિધ્ય અને ભવ્યતા છે. પૃ. ૨૮૭**

**૧૫ પ્રાણમય પ્રદેશના અમુક ભાગોમાં જીવન એવું સુંદર લાગે કે તમે શક્તિથી સભર બનશો. બીજી બાજુ પ્રાણ-જગતનાં ગમગીની ભરેલાં પ્રદેશો પણ છે કે જ્યાં તમારી શક્તિઓ શોષાઈ જશે. પૃ. ૨૮૭**

**૧૬ ભૌતિક - શરીરમાં જ રહેવું વધારે સારું છે. પૃ. ૨૮૮**

❖

માતાજી પોતાનો નિબંધ 'સ્વપ્નાંઓ ઉપર' વાંચી સમજાવી રહ્યાં છે.

સ્વપ્ન અને અનુભૂતિ બન્નેમાં સામ્યતા ઘણી છે, છતાં બન્ને એક નથી. સપનાંઓ ઊંઘમાં તથા જાગતા પણ જોવાય છે. તે પ્રમાણે અનુભૂતિ પણ જાગતા અને સ્વપ્નામાં બન્ને વખતે આવે છે. બન્નેમાં જોવાનાં, સાંભળવાનાં, સ્પર્શનાં, ગંધનાં સંવેદનો આવતાં જ હોય છે.

છતાં બન્ને વચ્ચે નીચેનો તફાવત છે : (૧) અનુભૂતિમાં વાસ્તવિકતા વધુ હોય છે. અનુભૂતિમાં આવેલી વ્યક્તિ હાલ જેવી દેખાતી પણ જોવાય છે, કારણ તે તે વખતે સૂક્ષ્મ, શરીર સાથે ત્યાં હાજર હોય છે. સ્વપ્નાંઓમાં સ્વલક્ષી ભાગ (subjective) વધુ પ્રમાણમાં હોય છે કારણ તે બધા અવચેતનમાંથી જાગેલી સ્મૃતિઓ અને છાપો સ્વરૂપ હોય છે, તેથી વ્યક્તિ ભૂતકાળમાં તમે જોએલી તેવી દેખાય છે. તે વખતે ખરેખર તે વ્યક્તિ સૂક્ષ્મ-શરીર સાથે ત્યાં હાજર પણ હોતી નથી. સ્વપ્નાંઓમાં થોડાંક સૂચક અથવા ચેતવણી આપતાં સપનાંઓ હોય છે. તે વારંવાર આવે છે, જેથી તમારું તે વસ્તુ તરફ ધ્યાન ખેંચાય. તે ભૂતકાળના અવચેતનમાંથી પણ નિર્માણ થાય છે અથવા સૂક્ષ્મ-જગતના કોઈ હિતચિંતકને કારણે પણ નિર્માણ થાય છે.

આવા સૂચક સપનાંમાં ઘણી વખત તે વ્યક્તિનું સમગ્ર સૂક્ષ્મ-શરીર હાજર હોય છે અથવા તેના સ્વરૂપનો એક અંશ અથવા તેના વિચારોરૂપી કાર્યનાં આંદોલનો.

ચૈત્યપુરુષ લગભગ હાજર હોતો નથી, કારણ આવા સૂચનો લગભગ ભૌતિક-જીવન અને વસ્તુઓ સાથે સંબંધિત હોય છે.

અવચેતનમાંથી આવેલા સૂચક સપનાઓમાં તમે તમારી હાલની સ્થિતિમાં તમને ચિંતા કરાવતો મુદ્દો ધ્યાનમાં લેશો તો તમને સૂચનરૂપે આવતાં સ્વપ્ન સાથે તેની સામ્યતા દેખાશે. ભૂતકાળમાં તમને આવી જ ચિંતા થએલી અને તમે તેનો જે ઉપાય કર્યો તેના સંસ્કારો આવા સ્વપ્નાં સર્જે છે અને તમને સૂચનો મોકલે છે.

લગભગ મોટા ભાગનાં સપનાંઓ એ અવચેતનમાંથી જાગેલાં સંસ્કારોનાં પરિણામસ્વરૂપ હોય છે અને તે સંસ્કારોને વ્યક્તિના હાલના જીવનમાંનો અથવા ચેતનાની અવસ્થામાંનો પ્રસંગ જાગૃત થવાનું કારણ આપતો હોય છે. સાચા બોધપ્રદ મૂલ્યવાન સપનાં બહુ ઓછાં હોય છે.

માણસ ખૂબ જ થાકી ગએલો હોય છે અને પથારીમાં પડતાંવેંત સૂઈ જાય છે ત્યારે અવચેતનનાં સંસ્કારો વધુ જાગૃત થવાની શક્યતા હોય છે, કારણ તેમની ઉપરનો જાગૃત મનનો પહેરો ઊઠી ગએલો હોય છે અને સૂતેલી વ્યક્તિ પોતે જ અચેતનમાં સરી પડેલી હોય છે. આવી સ્થિતિથી બચવા વ્યક્તિએ ઊંઘતા પહેલાં મન, પ્રાણ, શરીરને શિથિલ કરી એક શાંત આનંદમય સ્થિતિ રચવી પડે છે અને પછી સહજ રીતે ઊંઘમાં સરી પડવાની ટેવ પાડવી પડે છે. આની પદ્ધતિ નીચે મુજબની છે : (૧) શરીરને પથારીમાં આરામદાયક સ્થિતિમાં ગોઠવવું (૨) ત્યાર પછી નાડીતંત્રના એક-એક ભાગને સ્વયં સૂચનો આપી (શાંત થાઓ, શિથિલ થાઓ) તેમને શિથિલતાની અવસ્થામાં લાવવાનાં હોય છે (૩) પછી પ્રાણને વિશાળતા ધારણ કરી શિથિલ કરવાનો હોય છે. પોતાની ચેતનાને આકાશ જેવી અસીમ, વિશાલ, નિર્લેપ કરવાથી પ્રાણ શાંત થવા માંડશે. આ પ્રક્રિયાથી મનને પણ શાંત કરી શકાય છે (૪) તમારા શારીરિકમાં તેથી આરામનો આનંદ પ્રગટ થવા માંડશે. તેને માણતા-માણતા ધીમેથી મુલાયમતાથી ઊંઘમાં સરી પડો. (૫) આવી ઊંઘ તમને સવાર સુધીમાં શક્તિસભર કરી દેશે. ખરેખર તો આપણને શક્તિસભર થતાં પાંચથી દસ મિનિટનો સમય જ પૂરતો હોય છે.

તમે ઊંઘમાં આંશિક રીતે સભાન રહેતા હશો તો સપનામાં વચ્ચે જ જાગીને ફરી સૂઈ જતાં તમારું તે જ સપનું આગળ વધશે.

માતાજીને સપનામાં જોનારી ઘણી વ્યક્તિઓ હોય છે. તેઓ પોતાની તે

વખતની ચેતનાની જે કક્ષામાં હોય તે જ કક્ષામાં માતાજીને જોતા હોય છે, તેથી માતાજીનાં આવા દર્શન મનોમય, પ્રાણમય, સૂક્ષ્મશારીરિક, અવચેતન અને કવચિત અચેતનમાં પણ થતાં નેંધાએલાં છે.

વ્યક્તિને ઊંઘ દરમિયાન ભૌતિક-શરીરમાંથી પોતાનું સૂક્ષ્મ શરીર અળગું કરીને અન્ય શારીરિક, પ્રાણમય અને મનોમય લોકમાં જવાની ટેવ હોય છે. પ્રાણમય-જગતમાં સુંદર સમૃદ્ધ સ્થળો પણ છે. ત્યાં જવાથી તમે શક્તિસભર બની જાઓ છો પણ પ્રાણમય જગતમાં ગમગીની ભરેલાં, ત્રાસદાયક સ્થળો પણ છે. ત્યાં જતાં જ તમારી શક્તિને ત્યાંનાં સત્ત્વો શોષી લે છે, તેથી સવારે તમે થાકેલા, હારેલા ઊઠો છો. ઘણી વખત સંઘર્ષ કરવો પડે છે અને અકસ્માત થઈને તમને ઈજા પણ થાય છે જે જાગ્યા પછી પણ ચાલુ રહે છે.

મીસેસ થીઓએ પ્રાણમય-જગતનાં સંઘર્ષમાં આવી રીતે એક આંખ ગૂમાવેલી. માતાજીના ગાલ ઉપર પણ છરકા થએલાં.

ભૌતિક-શરીરમાં રહેવાથી જ આ બધાં જગતોનાં વિપરીત પરિણામોમાંથી બચી શકાય છે. ભૌતિક-શરીર છોડીને બહાર નીકળવું એટલે કુદરતે આપેલાં સંરક્ષણમાંથી બહાર નીકળવા જેવું છે.

માતાજીએ જણાવેલ છે કે ઊંઘને પણ સભાન બનાવવી જરૂર છે અને તે માટે સ્વપ્ન દરમિયાન સભાનતા કેળવવાનો અભ્યાસ લાંબો સમય કરવો પડે છે.

તમારે સપનું યાદ કરવું હોય તો સવારે ઊંઘ ઊડી જાય કે તરત પથારીમાંથી ઊઠી ન જવું પણ શાંત શિથિલ થઈને પડ્યા રહેવું. મનના પડદાને કોરો - પ્રકાશમય કરી રાખવો. ધીમે ધીમે તે નીરવતામાં છેલ્લા સપનાનો છેડો પ્રથમ પ્રગટ થશે. ધીમે ધીમે ઊંધા ક્રમથી સમગ્ર સ્વપ્ન યાદ આવશે. શાંત પડ્યા રહેશો તો તેના પહેલાનાં સપનાનો અંતિમ છેડો પ્રગટ થશે અને પછી તે સ્વપ્નાં અવળા ક્રમે પહેલા સપનાની જેમ જ પ્રગટ થશે. આ રીતે જ સપના યાદ કરવાની પ્રક્રિયા આગળ વધે છે.

આ યાદ આવ્યા પછી તમે ઊઠીને પાસે રાખેલી ડાયરીમાં તેની સ્પષ્ટ નોંધ કરો. આ લખાણ તમને સપનાઓનો ઊંડો અભ્યાસ કરવામાં મદદરૂપ થશે. અભ્યાસથી આ રીતે સપનાં અને અનુભૂતિઓને તમે જાણી શકશો અને તેના અભ્યાસથી તમારા અવચેતનની વિગતો તમને સમજાશે.

ઊંઘને સભાન કરવી એટલે એક નવી પાઠશાળામાં ભણવા જેવું છે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## સિદ્ધયોગીની ભૂમિકા

પ્રકરણ-૨૧

(Savitri B-1, C-4, P-58-59)

He looks on hidden aspects and screened powers.
He knows the law and natural line of things.
Undriven by a brief life's will to act,
Unharassed by the spur of pity and fear,
He makes no haste to untie the cosmic knot
Or the world's torn jarring heart to reconcile.

તે સિદ્ધયોગીઓ ઉત્ક્રાંતિના સૂક્ષ્મ જગતમાંનાં ગુપ્ત પાસાંઓને જોઈ શકે છે. ત્યાં રહી ભૌતિક શકિતઓની પાછળ રહીને જાણે પડદાનશીલ રહીને (screened) કાર્ય કરતાં બળોને પણ તેઓ કાર્ય કરતાં જોઈ શકે છે. તેઓ ઉત્ક્રાંતિની પ્રક્રિયાના નિયમોને (laws) જાણે છે તેમ જ ઉત્ક્રાંતિ નૈસર્ગિક રીતે કઈ દિશામાં વિકાસ પામવાની છે (natural line of things) તે પણ તેઓ જાણે છે. પોતાના સનાતન-જીવનમાંના આ વખતના નાનકડા ભૌતિકજીવનમાં (brief life's) ત્વરિત પ્રતિક્રિયા દર્શાવવાની પ્રબળ ઇચ્છાઓના અવ્યાજબી ઉછાળાઓને પણ તેઓ અનુભવે છે પણ તેના પ્રભાવ નીચે આવીને વર્તવા માંડતા નથી (Undriven) ખૂબ જ દર્દનાક ઘટના જોઈ ઉછળી આવતા કરુણાભાવ કે તે પોતે કાંઈ કરી શકતો નથી એવા લાચારીના ભાવથી અથવા સમગ્રરાષ્ટ્ર કે સમાજ ઉપર ઘેરાઈ ગયેલાં સંકટોનાં ઘટાટોપ વાદળોથી તેમના પ્રાણતત્ત્વને અનુભવાતા ડરથી તેઓ પોતે ત્રાસી જતા નથી (Unharassed) કારણ તેઓને પોતે તો

નિમિત્ત માત્ર છે એ ભાવ અને અંતે તો પ્રભુનો જે કાંઈ સંકલ્પ છે તે જ થવાનું છે એ નિશ્ચિતતાથી ધીરજ ધરી અડગ રહે છે.

ઉત્ક્રાંતિના વર્તમાન તબકકામાં જે વૈશ્વિક મડાગાંઠ સર્જાઈ હોય છે (cosmic knot) તેમાં અધીરા થઈને જોડાઈ જતા નથી. તેના પ્રભાવને મન ઉપર છાઈ જવા દેતા નથી. અથવા તો વિશ્વના વિઘટિત થઈ દિગ્મૂઢ થયેલાં હૃદયોમાં (torn jarring heart ) છે એ પરિસ્થિતિને સ્વીકારી અદિવ્ય તત્ત્વો સાથે સમાધાન કરી લેવાની (reconcile) માગણીને પણ માનવી-સુલભ ઉતાવળથી સ્વીકારી લેતા નથી.

In time he waits for the Eternal's hour.
Yet a spiritual secret aid is there;
While a tardy Evolution's coils wind on
And Nature hews her way through adamant
A divine intervention thrones above.

તે સિદ્ધયોગી શાંતિથી પસાર થતા સમયગાળામાં (time) પ્રભુની પળની (Eternal's hour) વાટ જોય છે. હાલમાં હજી તે આવી નથી એ જાણે છે પણ અત્યારે પણ આધ્યાત્મિક શક્તિની ગુપ્ત અને પડદા પાછળની અપ્રગટ મદદ ચાલુ જ છે (secret aid) એ તે જાણે જ છે. પ્રભુની પળમાં તે અગ્રભાગે આવી પ્રગટ રીતે મદદ કરવા લાગે છે એટલું જ. અને આ રીતે જ્યારે આંચકા ખાતી, આડી ફંટાતી ઉત્ક્રાંતિની (tardy Evolution's)ની ટેપ જાણે ભૂતકાળ બનીને વીંટાતી હોય છે (coils wind on) અને સમગ્ર પ્રકૃતિ (Nature) જાણે અડગ અવરોધો વચ્ચે પણ (adamant) પોતાનાં વિકાસની પગદંડી ચાતરે છે (hews) ત્યારે જ જાણે પરમપ્રભુનો દિવ્ય હસ્તક્ષેપને (divine intervention) જાણે પ્રભુ સૂક્ષ્મ જગતમાં (above) સંમતિ આપી સક્રિય કરે છે (thrones)

Alive in a dead rotating universe
We whirl not here upon a casual globe
Abandoned to a task beyond our force;
Even through the tangled anarchy called Fate
And through the bitterness of death and fall
An outstretched Hand is felt upon our lives.

આ પૃથ્વીરૂપી અવકાશમાં ઘૂમતા જડ નિર્જીવ વિશ્વમાં (dead rotating universe) આપણે જીવંત બનીને (Alive) ઘૂમી ફરી રહ્યા છીએ તે કાંઈ અમથા જ, નિરુદેશ નથી (casual) અને ઉદ્દેશ તરીકે કરવાનું કાર્ય (task) પણ કાંઈ આપણી ક્ષમતાઓથી પેલેપારનું નથી (beyond our force) જેને આપણે આપણું ભવિતવ્ય (Fate) કહીએ છીએ તે કાંઈ અટપટી રીતે ગૂંચવાયેલી (tangled) અરાજકતા (anarchy) હોય તો પણ (Even) તેમ જ મૃત્યુની કટુ-સત્યતા અને પતનો જીવનમાં હોવા છતાં (bitterness of death and fall) સાચા સાધકને જીવન દરમિયાન એક અદૃશ્ય હાથ મદદ કરવા લંબાતો જરૂર અનુભવાય છે.

It is near us in unnumbered bodies and births:
In its unshaken grasp it keeps for us safe
The one inevitable supreme result
No will can take away and no doom change.
The crown of conscious Immortality.
The godhead promised to our struggling souls
When first man's heart dared death and suffered life.

આપણે અસંખ્ય જન્મો લીધાં છે, વિવિધ યોનિઓમાં દર જન્મે નવાનવાં શરીરો ધારણ કરેલાં છે (bodies and births) આ બધા જન્મો દરમિયાન પ્રભુની મજબૂત પકડ (unshaken grasp) આપણા જીવન ઉપર હોય છે અને તે આપણને સુરક્ષિત રાખતો હોય છે, તેથી તેનાં સર્વશ્રેષ્ઠ પરિણામો (supreme result) જીવનમાંનું મૃત્યુ કે દુર્ભાગ્યપૂર્ણ ઘટના છીનવી શકતી નથી. અંતે, આ પરિણામ અમરતાનો સભાન ભાવસ્વરૂપે, પરિણામોનાં શિરોમણીરૂપે સ્થાયી થાય છે.(conscious Immortality)

અરે, પ્રભુએ આ જ આશ્વાસન તો ગીતામાં જીવન-સંઘર્ષ કરતા આપણને આપેલ છે (યોગક્ષેમં વહામ્યહમ્-ગીતા) પણ આ તો વાણી દ્વારા એ વખતે અપાયું. ખરેખર તો આ આશ્વાસન જ્યારે પ્રથમ માનવે જીવન-સંઘર્ષ ખેડ્યો અને હિંમતથી મૃત્યુની સામે હસતા હસતા ગયો હશે ત્યારે જ પ્રભુએ અંતરના આશીર્વાદથી નિઃશબ્દ રીતે આપેલું છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## નિર્વાણ : એક મધ્યાવસ્થા

(ભા.-૧, પૃ.૨૭૪-૨૭૭)

પ્રકરણ - ૫

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧. નિર્વાણની કોઈ ભૂમિકા જગત તરીકે વર્ણન આપી શકાય નહિ. પૃ.૨૭૪

૨. પોતાની હાલની ચેતનામાંથી ઊર્ધ્વ-ચેતનામાં જઈને મનોમય-પુરુષનું રૂપાંતર શાધી શકાય છે. પૃ.૨૭૪

૩. ઊર્ધ્વત્તર-ચેતનાના કાર્યને શક્ય બનાવવા માટે સામાન્ય રીતતે મનની શાંતિ, ચેતનાની મુક્તિ, મનનાં..... માન્યતાનાં મૂલ્યોમાંથી પાછા હઠી જવાની ક્રિયા એટલું પૂરતું છે. પૃ.૨૭૫

૪. (વિશ્વમય-ચેતના) તેનામાં બે મુખ્ય બાજુઓ છે; એક, મુક્ત, અનંત, શાંત, નિષ્ક્રિય એવો આત્મા જે સર્વમાં એકરૂપ અને સર્વથી પર છે તેની અનુભૂતિ; બીજી બાજુએ વિશ્વરૂપ-શક્તિઓ અને તેનાં બળો કાર્યો અને રચનાઓની અનુભૂતિ. પૃ.૨૭૫

૫. મુક્ત થએલો આત્મા આ (વિશ્વરૂપ લીલાની) અપૂર્ણતાઓ અને મુશ્કેલીઓથી અસ્પર્શ્ય અને અચલ રહીને તે લીલાને માન્ય રાખી શકે. પૃ.૨૭૫

૬. પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે વિશ્વરૂપ-અસ્તિત્વની આનાથી પણ વધારે ઉચ્ચતર-ભૂમિકાઓમાં જવાનું છે અથવા તો તે ભૂમિકાઓનું પોતાની ચેતનામાં અવતરણ કરાવવાનું રહે છે. પૃ.૨૭૬

૭. ધર્મોએ જેને સ્વર્ગ તરીકે કહેલાં છે..... એક વધારે મહાન, જ્યોર્તિમય આનંદમય..... પ્રદેશોનાં પ્રતીકો તરીકે સૂચવેલાં છે. પૃ.૨૭૬

**૮. ઊર્ધ્વ-ચેતનાને પ્રાપ્ત કરે અને અધિમનસ પ્રાપ્ત કરીને..... તેમ છતાં આ જગત મૂળભૂત રીતે જેવું છે તેવું જ રહે..... પૃ.૨૭૬**

**૯. વિશ્વરૂપ-ચેતના પૂરતી નથી અને તેનામાંથી બહાર નીકળવાનું વલણ મજબૂત રહે છે..... જો અધિમનસના સોનેરી ઢાંકણને ખોલી નાખવામાં આવે છે. પૃ.૨૭૭-૨૭૮**

નિર્વાણ એ કોઈ સૂક્ષ્મ-જગત નથી પણ ચેતનાની એક અવસ્થા માત્ર છે. તેમાં જગતના જીવનમાંથી પાછા હઠી જવાય છે. જગતમાં બધાં જ પ્રકારનાં મૂલ્યો ત્યાં શૂન્યવત્ બની જાય છે. જગત જેને અસ્તિત્વનું લક્ષણ ગણાવે છે તે તેમાં ન હોવાથી તે શમી ગયાં છે, શાંત થઈ ગયાં છે; એવું લાગે છે, તેથી જ તેને 'નિર્વાણ' કહે છે. તે ચેતના નિરાકાર અને અસીમ-તત્ત્વ તરીકે અનુભવાતી હોવાથી તેને 'નિર્વાણ' કહે છે. તે ચેતના નિરાકાર અને અસીમ-તત્ત્વ તરીકે અનુભવાતી હોવાથી તેને 'શૂન્ય' કહે છે. ગીતા આ જ અવસ્થાને 'અક્ષરપુરુષ' કહે છે. સાંય આને પ્રકૃતિની સામ્યાવસ્થા, લયાવસ્થા ગણે છે. વેદાંત આને 'મોક્ષ' અથવા છૂટકારો ગણે છે.

આ નિવૃત્તિમાર્ગની સાધના છે પણ આ જ કાંઈ એકમાત્ર સાધનાનો માર્ગ નથી. જગતમાંથી હઠીને આત્માનાં નિષ્ક્રિય પાસા સાથે એકરૂપ થવાનો આ માર્ગ છે પણ આત્મા જ જગતસ્વરૂપ પણ બનેલો છે અને તે તેનું સક્રિય પાસું છે. તેની સાથે એકરૂપ થઈને પણ આપણે આત્માનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ. વૈદિક ઋષિઓએ આ સાધનાનો માર્ગ પણ કંડારી રાખ્યો છે, જ્ઞાનમાર્ગ નિષ્ક્રિય પાસા મારફત આત્મ-સાક્ષાત્કાર કરવા આગળ આવે છે. કર્મયોગ સક્રિય પાસા મારફત આગળ વધે છે.

આ સિવાય ત્રીજો પણ માર્ગ છે. તેમાં નિષ્ક્રિય પાસાનો સાક્ષાત્કાર કરીને આત્મતત્ત્વની શક્તિઓ સાથે ફરી જગતમાં પ્રવેશીને તે નિર્વાણની સ્થિતિમાં રહીને પોતાના સક્રિય પાસાને પ્રભુથી સંચાલિત કરી નિમિત્ત બનવાનો માર્ગ. ગીતા આને 'યોગનિષ્ઠા' કહે છે. આને કારણે આત્મતત્ત્વના સક્રિય અને નિષ્ક્રિય બન્ને પાસાંનો સુસંવાદમય સ્થિતિમાં સાક્ષાત્કાર થાય છે. શ્રી અરવિન્દ આને પૂર્ણયોગ કહે છે. ગીતા અને પુરુષોત્તમનો યોગ તરીકે જણાવે છે.

ફક્ત નિષ્ક્રિય-પાસાના સાક્ષાત્કારમાં ભૌતિક-જગતની નક્કરતા

અનુભવાતી નથી. બધું સ્વપ્નની દુનિયા જેવું વૈશ્વિક-ચેતનાનો કલ્પનાવિલાસ લાગે છે. આવી જે અવસ્થા રચાય છે તેમાં મન, પ્રાણ, શરીર અને ઈન્દ્રિયો પણ શાંત, સ્થિર, સ્તબ્ધ બની જાય છે. કોઈ અનામી નિરાકાર-તત્ત્વમાં તરતી કલ્પનાની માનસ-પ્રતિમાઓ જેવું બધું પોલું, વ્યર્થ, સત્ત્વ વગરનું લાગે છે. તેમાં એક નિરપેક્ષ-સ્વસ્થતા, પ્રગાઢ-શાંતિ અને જીવનની નિરર્થકતા, મહત્ત્વહીનતા જ અનુભવાય છે. કોઈ અનામી-તત્ત્વની નિરર્થક ક્ષણિક ચેષ્ટારૂપ લાગે છે.

પણ આ અવસ્થા અંતિમ નથી, પણ ઊર્ધ્વતર ચેતનાને નીચે અવતરણ કરાવવાની અને તેને જગતના રૂપાંતરમાં પ્રયોજવાની એક પ્રાથમિક આવશ્યકતા રૂપ છે, માધ્યમ રૂપ છે.

જ્યારે માનવનાં મન, પ્રાણ અને પાર્થિવ-ચેતના પોતાની વ્યક્તિગત મર્યાદાઓ ભૂંસીને વૈશ્વિક માન, પ્રાણ પાર્થિવ તત્ત્વ સાથે એકરૂપ થઈને વૈશ્વિકતા પ્રાપ્ત કરે છે ત્યારે તેને અનુભવ આવે છે કે પોતાનું સમગ્ર સ્વરૂપ વિશ્વમાં પ્રસરેલું છે. તે પોતે બધાંને ધારણ કરી રાખે છે તેમાંની 'પોતે બધાંને ધારણ કરી રાખે છે' એ અનુભૂતિ એક મુક્ત, અનંત, શાંત, નિષ્ક્રય વૈશ્વિક-આત્માની હોય છે. જ્યારે તેમાં દેખાતી ક્રિયાઓ એ વૈશ્વિક-બળો, કાર્યો અને રચનાની અનુભૂીત હોય છે. આ બન્ને અનુભૂતિ કાયમ સાથે સાથે જ આવે છે તેમ પણ નથી, ફક્ત પ્રાણનાં ક્ષેત્રમાં કે ફક્ત પાર્થિવ ક્ષેત્ર પૂરતી મર્યાદિત પણ હોઈ શકે છે. સાધકની ચેતના આ વૈશ્વિક લીલાને પોતે અચલ રહીને માન્ય રાખે છે અથવા વિશિષ્ટ કાર્ય કરી કોઈને મદદરૂપ થાય છે અથવા પરમાત્માનું કરણ બનીને કાર્ય કરે છે પણ તેને આવી ચેતનાની સ્થિતિ એક વચગાળાની જોગવાઈ રૂપ લાગે અને તેથી આત્માના પૂર્ણ-કાશ, શક્તિ અને આનંદને પ્રાપ્ત ન પણ કરી શકે.

વાસ્તવિકતા એ છે કે વિશ્વરૂપ-અસ્તિત્વના સ્તર છે. જો આ નિમ્નસ્તરે જ સાધક અટવાઈ જાય તો તે નિર્વાણના માર્ગે આગળ ધકેલાય છે. પણ વૈશ્વિક-અસ્તિત્વનાં ઊર્ધ્વ સ્તરોમાં જવાનો પણ માર્ગ છે. ધર્મો તેને દિવ્ય-લોક, સ્વર્ગો અથવા મહાન જ્યોતિર્મય પ્રદેશો (વૈકુંઠ) તરીકે વર્ણવે છે. આ સ્તરો અધિમનસનાં હોય છે. જો આ સૂક્ષ્મ-જગતો પણ ભૌતિકસ્તરે અવતરણ પામી શકતા હોય અને દુઃખનિવારણ કરતા હોય તો પછી નિર્વાણનો માર્ગ નિરર્થક ન ગણાય?

આવી અધિમનસની અનુભૂતિમાં પરમાત્મા સાથે ઐક્ય જરૂર અનુભવાય છે, તેની ચેતના એક વિશાળ, તેજોમય, મુક્ત ચેતના તરીકે પણ અનુભવાય છે પણ તેમાં જગતના રૂપાંતર કરવાની ક્ષમતા હોતી નથી. તે અધિમનસ-ચેતના અને જગતની ચેતના વચ્ચે એક કાયમી ખાઈ અનુભવે છે. આંતરિક રીતે તે પરમ-ચેતનાને સ્પર્શે છે, પણ બાહ્ય વાસ્તવિકતામાં તેની અનુભૂતિ યશસ્વી થતી નથી. જગતને બદલી શકતી નથી.

આ કાર્ય ક્ષમતા ફક્ત અતિમનસ-શક્તિમાં જ છે.

તેથી વિશ્વમાંથી મુક્તિ મેળવવાની તેની પાસે બે માર્ગ ખુલ્લા રહે છે :

૧ નિવાર્ણની નકારાત્મક ભૂમિકામાં આગળ વધીને આત્માને શાંત કરી દેવો. તે ગૌતમબુદ્ધની જેમ કરુણાભાવથી જગતમાંના જીવોને દુઃખોમાંથી મુક્ત કરવાનો જાણે અહર્નિશ બચાવકાર્ય કરતો હોય છે, તે જગતને અપરિવર્તનીય જ ગણે છે.

બીજો માર્ગ છે - અધિમનસની તેજોમય-ચેતના અને સૃષ્ટિઓને વટાવી ઊર્ધ્વમાંનાં વૈશ્વિક-અસ્તિત્વમાં પ્રવેશવું. આ માર્ગ ઈશોપનિશદે લીધો છે. તે સત્યની પ્રાપ્તિ માટે અધિમનસનું સુવર્ણમય ઢાંકણ ખોલવાનો પ્રયત્ન કરવાનું જણાવે છે.

નિર્વાણની પરિકલ્પના પાછળ બે માન્યતાઓ પાયારૂપ છે :

૧ જગત અપૂર્ણ, દુઃખરૂપ, મૃત્યુ અને વેદનાગ્રસ્ત જ છે અને તે તેનો કાયમી સ્વભાવ છે.

૨ ઊર્ધ્વમાંનાં જગતો જ્યાં અપૂર્ણતા, દુઃખ, મૃત્યુ અને વેદના નથી તે લોકો પણ લાંબેગાળે નાશવંત જ છે તે પણ અજ્ઞાનની જ નીપજ છે.

તેથી નિર્વાણ એ જ એકમાત્ર ગતિ અને રસ્તો બાકી રહે છે. તેમાં એમ મનાય છે કે પ્રભુ વિશ્વથી પર છે, વિશ્વથી અલગ છે, તો શૂન્યરૂપ છે; તેથી તેને પ્રાપ્ત કરવા 'નેતિ-નેતિ' માર્ગ સિવાય અન્ય વિકલ્પ જ નથી.

પણ શું પરમાત્મા જગતથી પર જ છે ? જગતમાં અંતર્યામી નથી ? તેને શું પ્રાપ્ત કરવો શક્ય નથી ? તે અવ્યવહારુ ભૂમિકા છે ? આનો જવાબ એ હોય કે પ્રભુ અંતર્યામી પણ છે અને પ્રાપ્ત કરવો શક્ય પણ છે, તો નિર્વાણ સિવાયનો પર્યાય પણ ઉઘાડો જ છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# ગીતા અને શ્રી અરવિન્દનો સંદેશ

પ્રકરણ - ૨૭

(પૃ.૧૨૬)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 It (Gita) does not bring forward the idea of spiritual evolution or the idea of the higher planes and the supramental truth-consciousness and the bringing down of that consciousness as the means of the complete transformation of earthly life. P. 126

2 (The idea of the supermind) it is there (in Upanishads) only in seeds, in conception of the being of knowledge vijnanamaya punish, exceeding the mental, vital and physical being. P. 126

3 In the Rig Veda the idea is there but in principle only. P. 126

4 Even the principle of it has disappeared from the Hindu tradition. P. 126

5 The novelty of Shri Aurobindos' message as compared with the Hindu tradition (constitutes in) The idea that the world is not either a creation of Maya or only play (lila) of the Divine or a cycle of births in the ignorance from which we have to escape, but a field of manifestation in which there is a progressive evolution of the soul... from Matter through life and mind to what is beyond Mind till it reaches the complete revelation of Sat-Chit-Anand in life. P. 126

6. In our Yoga we begin... with the idea or aspiration of complete surrender (and)... delivered the self rising to freedom in the higher nature, (i.e. double movements). P. 126

7 Gita admits the ideal of departure from Samsara into the

Brahman as one possibility; also it affirms the possibility of living free in the Divine..... and acting in the world as the Jivanmukta. It is this latter kind of solution on which it lays the greatest emphasis. P. 127

ગીતા એ વિશિષ્ટ પ્રસંગે, વિશિષ્ટ વ્યક્તિને અને વિશિષ્ટ કામો માટે કરેલો ઉપદેશ છે. તેમાં પરિસ્થિતિને અનુરૂપ જ વિગતો શ્રીકૃષ્ણે જણાવેલી હશે. સમગ્ર વેદોમાંના સમગ્ર સિદ્ધાંતોનો ઉલ્લેખ શક્ય જ નથી. બીજું, ગીતા વખતે પણ વૈદિક પરંપરા લુપ્ત થવા લાગેલી. 'ધર્મની ગ્લાનિ'નો અર્થ એ જ છે. ત્રીજું, તેમાં વૈદિક-પરંપરાને નવા આધ્યાત્મિક અર્થ અને આયામ આપવાનો પણ પ્રયત્ન કરેલ છે. જે યજ્ઞની કપના ઉપરથી જણાય છે. અમુક પરંપરાનો ફક્ત ઉલ્લેખ માત્ર છે. દા.ત. જીવગતિનો શુક્લ અને કૃષ્ણ માર્ગ, પુરુષોત્તમની કલ્પના, પિતૃઓની કલ્પના, બ્રહ્મભૂતની કલ્પના.

ગીતા પછી હિન્દુ પરંપરામાં ઘણી વસ્તુઓ વધારાની લુપ્ત થઈ ગઈ છે. આવી હિન્દુ પરંપરાના સંદર્ભમાં શ્રી અરવિન્દ વાત કરી રહ્યાં છે એ ધ્યાનમાં રાખવું જરૂરી છે. ગીતામાંના સાર-તત્ત્વો શ્રી અરવિન્દે પોતાના પૂર્ણયોગના સિદ્ધાંતમાં લીધાં હોવા છતાં ગીતાનું જ નૂતનીકરણ એટલે શ્રી અરવિન્દનો પૂર્ણયોગ એવું નથી. ગીતા કરતાં વધારાની નીચેની વિશેષતાઓ શ્રી અરવિન્દના પૂર્ણયોગમાં છે. ગીતાએ તે કાળની પ્રચલિત પરંપરાઓનો જ ઉલ્લેખ કરેલ છે. તેમાં કર્મયોગને પણ એક લુપ્ત-પરંપરા તરીકે જણાવેલ છે.

૧. ગીતામાં ચેતનાની ઉત્ક્રાંતિનો ખ્યાલ નથી. તેની પાછળ ખ્યાલ છે તેમાં ચેતના વિકાસ પામે છે પણ તે માટે તે એકથી એક વિકસિત યોનિના નિસર્ગે નિશ્ચિત કરેલાં ખોળિયાં (યોનિઓને) સ્વીકારતી આગળ વધે છે અને આ યોનિઓમાં પણ ભૌતિક સ્તરે પ્રગટ થયેલ સહુથી પ્રગટ યોનિ માનવયોનિ છે. તે પછીની શ્રેઠ યોનિઓનાં શરીરો ભૌતિક હોતાં નથી પણ વધારે સૂક્ષ્મ તત્ત્વોનાં હોય છે અને તે યોનિઓ સૂક્ષ્મ જગતમાં રહે છે.

હાલમાં પ્રચલિત હિન્દુ પરંપરામાં પણ આવી કાયમી અને વિકાસ ન પામનારી વિવિધ યોનિઓમાં નવો જન્મ લઈ ચેતના વિકાસ પામે છે એ રીતે

પુનર્જન્મના સિદ્ધાંતનું સ્પષ્ટિકરણ આપેલ છે.

પણ શ્રી અરવિન્દના પૂર્ણયોગમાં ભૌતિક-સ્તરે જ નવી પ્રગત યોનિઓ હવે પછી આવિર્ભાવ પામશે તેવો સિદ્ધાંત માન્ય કરેલો છે અને ભૌતિક કક્ષાએ જ ચેતનાનો વિકાસ શક્ય છે એમ તેઓ માને છે.

૨. કોઈ પણ યોનિના શરીરમાં થતો વિકાસ એ તેમાં રહેલી ચેતનાના વિકાસને આભારી છે. સારાંશ, ચેતના પ્રથમ જૂના ખોળિયામાં વિકસે છે. તે ખોળિયું તેને અપૂરતું લાગતા તે નવું ખોળિયું જાતે જ રચે છે અને તે ખોળિયું વારસામાં પોતાની ક્ષમતાઓ આપીને નવી યોનિ સર્જે છે. આ રીતે જ યોનિઓ રચાઈ છે અને ભાવિ યોનિઓ રચાશે.

(હિન્દુ - પરંપરામાંથી ઉત્ક્રાંતિનો સિદ્ધાંત લુપ્ત થઈ ગયો છે. પણ વેદોમાંના વ્યાહૃતિવાદમાં તેનાં બીજો જોવાં મળે છે. ચેતનાએ પોતાના જે વિવિધ ચેતના-સ્તરો રચ્યાં છે જે તેના અવતરણની પ્રક્રિયામાંના તબક્કા જ છે તે પૃથ્વીએ ધારણ કરી રાખેલો છે તેથી જ પૃથ્વીને ધરતી, ધરા કહે છે જેનો અર્થ જેણે બીજરૂપે ચેતનાનાં બધાં જ સ્તરો ધારણ કરી રાખેલાં છે એવી ઘનીભૂત અવસ્થા (પૃથ્વી એટલે ઘનીભૂત)

આમાંથી જ દશાવતારની કલ્પના મુજબ ચેતનાનો વિકાસ, જળચર જંતુ (મત્સ્ય), ઉભયચર જંતુ (કુર્મ), સ્થળચર પ્રાણી (વરાહ) વનમાનુષ (નરસિંહ), અવિકસિત માનવ (વામન), શારીરિક રીતે દૃઢ માનવ (પરશુરામ), ચૈતસિક માનવ (રામ), આધ્યાત્મિક માનવ (કૃષ્ણ) અને અક્ષરપુરુષ અથવા વૈશ્વિકમાનવ (બુદ્ધ), વિશ્વાતીત-માનવ (પુરુષોત્તમ) (કલ્કી) આવા દશાવતાર પૈકી નવ થયા છે. હવે દસમો તબક્કો વિકાસ પામશે.

આ ખરેખર ચેતનાના ઉત્ક્રાંતિનો જ સિદ્ધાંત છે જે પ્રચલિત હિન્દુ પરંપારમાંથી લૂપ્ત થઈ ગયો છે અને તેના અવશેષ તરીકે દશાવતાર, ધરતી, સપ્તવ્યાહૃતિ જેવા શબ્દો માત્ર રહ્યાં છે. સદર લુપ્ત થવાની પ્રક્રિયા ઉપનિાદકાળથી જ થવા લાગેલી. બૌદ્ધ જાતક-કથામાં તેના સંદર્ભો લીધાં છે.

(વિશ્વામિત્રની નવું સ્વર્ગ રચવાની વાત છે તે ઉત્ક્રાંતિના આ સંદર્ભમાં જ.)(ક્રમશ:)

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## જ્ઞાન અને અજ્ઞાન

(ઉપનિષદો - પૃ.૬૧-૬૯)

પ્રકરણ - ૬

1. All manifestations proceed by the terms vidya and avidya, the consciousness of unity and the consciousness of Multiplicity. They are the two aspects of maya, formative and self-conception... P. 61
2. Unity is the eternal and fundamental fact-multiplicity is self expansion of the One. One occupies many centres of consciousness. P. 61
3. Ego identifying itself with the divided form... is a state of error and delusion. P. 61
4. He is the lord of Vidya and Avidya. They are the twin powers of his energy (chit-shakti). P. 62
5. Brahma dwelling in maya is Isha. Man dwelling in Maya is Anish.
6. The perfection of man is the full manifestation of the Divine in himself through the superme accord between Vidya and Avidya, P. 62
7. Those who are devoted to Avidya faces greater subjection to mechanical processes of prakriti. Those who are devoted to vidya accept special state for the whole... knowing all to transcend all is the right path of vidya. P. 63
8. The path of Vidya and Avidya have each their legitimate gains. P. 63
9. The highest goal of man is... Uttam parusha who upholds both the kshara and Akshara parush. P. 63
10. By Avidya one transcends confusion of ignorance, but not limitations of knowledge. By vidya one transcends lower praktiri

but not the higher.

11. The real knowledge is that which perceives Brahman in his integrality... This was the knowledge of the ancient sages.
12. Vidya depends upon Avidya for the preparation and the advance of the soul towards greater unity. P. 64
13. Ignorance is not that it should be dissolved out of existence, but that its elements should be enlightened and united. P. 65
14. Avidya fulfilled by turning more and more to vidya enables the individual and the universal to become the lord. P. 65
15. Man becomes consciously capable of this turning and fulfilment. P. 65
16. This state (mortality) comes by limitations and selfdivision from one who is all and in all. P. 65
17. If Avidya is the cause of mortality it is also the path out of mortality. P. 67
18. The first necessity is... for man... to enlarge himself in being... as to see all in himself and himself in all (verse-6)
19. The universe and all its forms actions... are only becomings of that being. (verse-7)
20. Thus Avidya becomes one with Vidya. P. 68
21. Immortality does not mean survival of the self... after dissolution of the body, the self always survives. P. 68
22. By immortality is meant the consciousness which is beyond birth and death. P. 68
23. Having realsed his own immortality, the individual has yet to fulfil god's work in the universe. P. 69

જગતનો સમગ્ર આવિર્ભાવ વિદ્યા અને અવિદ્યાના સહયોગથી જ રચાય છે. વિદ્યા એકાત્મતા રચે છે. જ્યારે અવિદ્યા વિવિધતા રચે છે. વિદ્યા અને અવિદ્યા બન્ને માયાનાં જ બે પાસાં અથવા રૂપો છે. વિદ્યા એટલે દિવ્ય અથવા પરાપ્રકૃતિ. અવિદ્યા એટલે અપરા અથવા અદિવ્ય પ્રકૃતિ. વિદ્યાથી પ્રભુનો સંકલ્પ ધારણ કરાય છે અને અવિદ્યાથી તે સંકલ્પમુજબ રચના કરાય છે. બન્ને પાસાં અવિભાજ્ય છે.

એક જ પરમ-ચેતનામાં અનંત સભાનતાનાં કેન્દ્રો રચાય છે. દરેક સભાનતાના કેન્દ્રમાં એક ખાસ સર્જનશક્તિનું રૂપ ગોઠવેલ છે. આવા અનંત

સભાનકેન્દ્રો અને તેની ખાસ આવિર્ભાવ શક્તિ મળીને સમગ્ર વૈશ્વિકજગતની આવિર્ભાવની ગતિ રચાય છે.

અહંકાર આવા અનંત સભાનતાના અને આવિર્ભાવના કેન્દ્રો પૈકી ફક્ત એક સાથે પોતાને એકરૂપ કરે છે. આ જ તેની ભૂલ અને ભ્રમ બન્ને છે. આ પ્રક્રિયાને તેથી જ અવિદ્યા કહેવાય છે કારણ તેમાં ભૂલ અને ભ્રમ બન્ને છે.

પ્રભુ બધાં જ સભાનતાનાં કેન્દ્રોને, આવિર્ભાવનાં કેન્દ્રોને પોતાની વૈશ્વિકચેતનાના ભાગ સ્વરૂપે અનુભવે છે. તેથી તે બંધાતો નથી. તેને ભ્રમ થતો નથી. તેની ભૂલ થતી નથી. તેથી તે અવિદ્યા અને વિદ્યા બન્ને પ્રકૃતિનો માલિક ઈશ બનીને રહે છે જ્યારે માનવ-પોતાના સંકુચિત અહંકારને લીધે અનીશ (ગુલામ) બને છે.

જીવનનો પરમ-અર્થ, પરમાર્થ છે, પ્રભુની ચેતનામાં આરોહણ કરીને પરા-અપરા બન્ને પ્રકૃતિના ઈશ બનવું. જ્યારે તે બધાં જ આવિર્ભાવો પોતાના જ છે (સોહમ્-અસ્મિ) એવું અનુભવે છે ત્યારે તે પરમાર્થની પૂર્ણતાને પ્રાપ્ત કરે છે.

આમ, માનવમાંની પૂર્ણતા એટલે વ્યક્તિસ્વરૂપમાં પરમ-પ્રભુની પરા અને અપરાપ્રકૃતિના સમન્વયથી પૂર્ણ અભિવ્યક્તિ. આ માનવની વ્યક્તિગત પૂર્ણતા હોય છે, જે પ્રભુની પૂર્ણતાનો એક અંશમાત્ર હોય છે, પ્રભુ અનંત હોવાથી તેની પૂર્ણતાઓ પણ અનંત સ્વરૂપની જ રહેવાની છે.


**યોગયુક્તા પ્રકાશનનું નવું પ્રકાશન**

સાવિત્રી શબ્દામૃત ભા.-૨ - મૂળ લેખક શ્રદ્ધાવાન,
ગુજરાતી અનુવાદક શ્રી કિરીટભાઈ ઠક્કર

: પ્રાપ્તિ સ્થાન :

૧ યોગયુક્તા પ્રકાશન
ઈ-૧૦૨, ચંદ્રનગર કોલોની, સુવર્ણ લક્ષ્મી એપાર્ટમેન્ટ પાસે,
વાઘોડીયા, વડોદરા - ૩૯૦ ૦૧૯

૨ શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા - ૩૯૦ ૦૦૧ (૦૨૬૫-૨૪૮૧૮૯૭૮)

૩ લેખક શ્રી કિરીટભાઈ ઠક્કર - ફોન : ૦૨૬૫ - ૨૫૧૦૦૩૮

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# ઉષાનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૧, પૃ.૧૬૦-૧૬૫)
પ્રકરણ -૧૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

જ્યારે અતિમનસ-પ્રકાશ પ્રકૃતિમાં સ્થિર થાય છે ત્યારે આપણા સ્વરૂપનાં અદ્રિનાં શિખર ઉપર સમગ્ર વર્ષ દરમિયાન કાયમ રહેનારી ઉષા ઊગી નીકળે છે.

આવી રીતે ઉષા વ્યક્તિની ચેતનાને સતત ઊર્ધ્વગામી કરતી હોય છે. વ્યક્તિ-ચેતનામાંથી વૈશ્વિક-ચેતનામાં જન્મ આપે છે અને ત્યાંથી આગળ વધીને વિશ્વાતીત ચેતનામાં જન્મ આપે છે.

માનવી શરીરમાંના સાત ચક્રોના સાત પ્રકાશોમાં (જાંબલીથી માંડી ધવલ સુધીનાં) ફેલાયેલી ઉષારૂપી વિશાળ ચેતનાને સાત મુખોવાળો દિવ્ય વિચાર (સપ્તગ્વો) કહેવામાં આવે છે. તે પછી આ ચેતના હજી વિસ્તરી અવચેતન અને અચેનતનના પ્રકાશોને (શ્યામ અને કૃષ્ણ) પણ આવરી લે છે તેમને નવ મુખોવાળો વિચાર (નવગ્વો) કહેવાય છે. હજી ચેતનાનો વિસ્તાર થઈને તે મસ્તક ઉપરની દિવ્ય-ચેતનામાં વિસ્તરે છે. (પારદર્શક, સોનેરી (રતૂમડો-પીળો-નીલ) અને અંતે હિરક) આને દશમુખોવાળો વિચાર (દશગ્વો) કહે છે.

ઉષાનું એક તદ્દન જુદું જ કાર્ય છે. તે માનવની દર્શનાશક્તિ અને શ્રવણશક્તિનો વિકાસ કરે છે, જેની મારફત સાધક સાધનાનું માર્ગદર્શન મેળવે છે; પ્રભુના પ્રકાશને જાણે છે. પોતાના માટેના દિવ્યસંકલ્પ બાબત જાણે છે.

આવી રીતે ઉષા દિવ્ય વિવેચના-શક્તિરૂપ છે. તેથી ઋત્‌નો વિચાર અને ઉષા સંબંધિત ઘટના જ છે.

ઉષા પોતાના પ્રકાશ વડે માનવ માટે જે સાધનામાર્ગ અને જીવનમાર્ગ નિશ્ચિત કરેલ તે મુજબ તેની પ્રકૃતિમાંથી પ્રકાશમય માર્ગ ચાતરી આપે છે અને તે માર્ગે સૂર્યને આવવા આમંત્રણ આપે છે. સૂર્ય પણ પ્રેમિકાની ઈચ્છા મુજબ જાણે તેના ચિંધેલા માર્ગે જ અનુસરે છે.

ઉષા પોતે માનવ-શરીરરૂપી રથમાં બેઠેલી હોય છે. તેને ઋત્‌ના સંકલ્પરૂપી અશ્વો જોતરેલાં હોય છે. તે ઘોડા જેમ જાય તેમ જ ઉષા જાય છે.

ઉષાના ઉદય સાથે યોગ માટે જ જન્મેલાં આર્ય-આત્માઓ સાધના કરવા જાગી જાય છે. ઉષા તેમના માટે દર્શના અને શ્રવણા દ્વારા ઋત્‌ના શબ્દો તેમને સંભળાવે છે અને તેની પ્રવૃત્તિમાં રહેલ સુપ્ત ક્ષમતારૂપી સંપત્તિને વિકસાવી સાધકને ભેટ આપે છે. ઉષા વરુણને ચેતનાની વિશાળતા પ્રાપ્ત કરવા સામર્થ્ય આપે છે. મિત્રને સંવાદિત સ્થાપવા મદદ કરે છે. અર્યમાને મુક્તિ આપવા સમર્થ કરે છે અને સોમ દ્વારા આનંદ પ્રગટાવે છે.

*

(વેદનું રહસ્ય ભા.૧ પૃ.૩૧૧-૩૧૫)ઋગ્ - ૩-૬૧)

દિવ્ય પ્રકાશનું માનવ-સ્વરૂપમાં અવતરણ એ જ ઉષા છે - પરોઢ છે. ચૈત્યપુરુષે ઝીલેલો દિવ્ય પ્રકાશ જ્યારે માનવી- સ્વરૂપ ઉપર પથરાવા માંડે છે ત્યારે ઉષાની ઘટના બને છે. ઉષાની ઘટના પછી જ તેના ચાતરેલા રસ્તે ચૈત્યપુરુષ રૂપી સૂર્ય આપણા માનવી-સ્વરૂપમાં પોતાનો પ્રભાવ પાડે છે. આમ જાણે તે ઉષાને જ અનુસરતો હોય એમ લાગે છે !

ઉષાના આગમનથી કમળ જેમ ખીલી ઊઠે તેમ આપણાં મન, પ્રાણ, શરીરની ક્ષમતાઓ ખીલવા માંડે છે. તેમાં સાચી સમજણ, આંતરપ્રકાશ અને આનંદ આ પ્રમુખ પરિણામો હોય છે. ક્ષમતાઓ વિકસતાં મન વગેરેના કાર્યમાં અને કાર્યક્ષેત્રમાં વધારો થઈ ગયો છે એવું લાગે છે.

મૂળ તો આ ઋત્‌-ચેતનાનો જે પ્રભાવ વિસ્તરતો જાય છે, તેના જ

પરિણામો છે. દરેક વ્યક્તિમાત્રમાં પ્રભુનાં સંકલ્પરૂપે તે વ્યક્તિના વિકાસની જે બીજસ્વરૂપ રૂપરેખા હોય છે તે જ ઋત્ છે. તે જ અમૃત છે. તેનું પ્રગટીકરણ થાય છે. દર્શના પ્રકટે છે. (તિષ્ઠસ્યમૃતસ્ય કેતુઃ) (૨) તે સક્રિય બની માનવી સ્વરૂપનું સંચાલન કરવા લાગે છે. આ જ છે ઋત્‌ની સત્ય બનવાની પ્રક્રિયા. (૩) આ પ્રક્રિયાને કારણે જે સંવાદિતા, ખુલ્લાપણું અને આત્મિયતા પ્રગટે છે, મર્યાદાઓ, સંકુચિતતાઓ ખરી પડી મુક્તિ અનુભવાય છે, તેને કારણે જ નિજાનંદ પ્રગટે છે, આત્માનો આંતરપ્રકાશ ઝળહળી ઊઠે છે; તેને જ દેવત્વનું પ્રગટ થવું કહે છે. તે જ આત્મદેવની અભિવ્યક્તિ હોય છે.

આમ ઉષા જ દિવ્ય કર્મો અને દિવ્ય ભાવોની જનેતા છે. તે જ જીવન-યજ્ઞને યશ આપનારી સહાયક દેવતા છે.

વિશ્વામિત્રના આ સૂક્તમાં ઉષાદેવીનો આ માનસશાસ્ત્રીય અર્થ પૂરેપૂરો પ્રગટ થાય છે. અન્ય ઋષિઓનાં સૂક્તમાં ભૌતિક ઉષાના રૂપક તળે તે ગુપ્ત પ્રવાહ તરીકે જ વહેતો હોય છે.

વેદોમાં 'પ્રચેતસ' અને 'વિચેતસ' બે શબ્દો વારંવાર વપરાય છે. તે પ્રજ્ઞાન અને વિજ્ઞાનના સમાનાર્થી છે. જ્ઞાનમાં વિષયના બાહ્ય સ્વરૂપનું જ્ઞાન મળે છે. આંતરસ્વરૂપ કદાચ સૂચિત થાય પણ પ્રત્યક્ષ થતું નથી. પણ વિજ્ઞાન અને પ્રજ્ઞાનમાં પ્રજ્ઞાશક્તિના જોરે વસ્તુના આંતર-સ્વરૂપની રચના કરનારા સત્ય સાથે સીધો સંપર્ક થઈને વ્યક્તિને આંતર-બાહ્ય-સમગ્ર સ્વરૂપ બાબત અને તેનાં મૂળ કારણો બાબત સીધેસીધું જ્ઞાન મળી જાય છે. તેમાં વ્યક્તિની ચેતના વસ્તુની ચેતના સાથે એકરૂપ થઈને આ જ્ઞાન મેળવે છે. વિજ્ઞાન આંતર-સ્વરૂપનું જ્ઞાન આપે છે. પ્રજ્ઞાન તેમાં રહેલા સત્ય-ઋતમ્ બાબતનું. આ રીતે જોતાં જ્ઞાન, વિજ્ઞાન, પ્રજ્ઞાન આ જ્ઞાનોદયની પ્રક્રિયા જેવું વધુ ને વધુ ઊંડા સત્યજ્ઞાનને મેળવવાની પ્રક્રિયા જેવું લાગે છે.

ઉષા વિજ્ઞાનનો ઉદય કરે છે. તે વસ્તુના આંતરિક જ્ઞાનને પ્રગટ કરે છે. વસ્તુના બાહ્ય સ્વરૂપ વિષેનાં જ્ઞાનને સમૃદ્ધ કરે છે. તેમાં આંતર-સ્વરૂપનું જ્ઞાન

ઉમેરાય છે અને અંતે પ્રજ્ઞાન, આ આંતરબાહ્ય સ્વરૂપની રચના કરનાર તે વસ્તુના મૂળભૂત સત્યનું જ્ઞાન આપે છે;ત્યારે જ્ઞાન પૂર્ણાવસ્થાએ પહોંચે છે. તેથી આ સુક્તની શરૂઆત છે : ઉષા વાજેન વાજિનિ (૧) - હે સમૃદ્ધશાળી ઉષા ! પદાર્થના પૂર્ણ જ્ઞાનની શક્તિ વડે પરિપૂર્ણ, તમે પધારો.

ઉષાની બીજી વિશેષતા છે તે તેના દિવ્ય નિયમાનુસાર જ કાર્ય કરવાની ટેવ (વ્રતં ચરસિ વિશ્વવારે) ઉષા ઋત્‌ને ધારણ કરતી ઋતાવરી છે. ઋત્‌ને તે જ જાણી શકે છે જે પોતે ઋત્‌ને ધારણ કરતું હોય અને તેને અનુસરતું હોય. ઉષા ઋત્‌ને જાણે છે અને તે વ્રતને અનુસરે પણ છે (વૃતંચરસિ) તેનો અર્થ એ કે તે ઋત્‌ને ધારણ કરીને તે અનુસાર પોતે પણ વર્તે છે. ઋત્‌ના માર્ગે જ ચાલે છે.

ઉષાના ઉદયથી જ ઉત્ક્રાંતિની શરૂઆત થયેલ છે. અવતરણ વખતે પણ દરેક તબક્કાની શરૂઆત ઉષાના કાર્યથી જ થાય છે. આમ ઉષા તો એક ‘પ્રાચીન વાસ્તવિકતા છે. (પૂરાણી દેવી ). (ક્રમશઃ)


## રાજકોટ કેન્દ્રના નૂતન પ્રકાશનો

(લે.માનસિંહ ચાવડા)

(અ) (શ્રી અરવિન્દ વિચારધારા અંતર્ગત પુસ્તકો)

| | | | |
|---|---|---|---|
| પુ.ક્ર.૪ | સુખી જીવનના સરળ ઉપાય | પૃ.૯૮ | કિં. ૧૨૫.૦૦ |
| પુ.ક્ર.૫ | યોગદ્વારા નિરામય જીવન | પૃ.૧૬૪ | કિં. ૨૦૦.૦૦ |
| પુ.ક્ર.૬ | પૂર્ણયોગનો પરિચય | પૃ.૪૮ | કિં. ૬૫.૦૦ |
| પુ.ક્ર.૭ | માનવ વંશની ભાવિ ઉત્ક્રાંતિ | પૃ.૧૦૪ | કિં. ૧૩૦.૦૦ |

(બ) અન્ય પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| પુ.ક્ર.૧ | પૂર્ણયોગની પ્રાર્થનાઓ | પૃ.૪૪૮ | કિં. ૨૫૦.૦૦ |
| પુ.ક્ર.૨ | પૂર્ણયોગના વિચાર સૂત્રો | પૃ.૪૯૬ | કિં. ૨૭૫.૦૦ |
| પુ.ક્ર.૩ | શ્રી અરવિન્દના વાર્તાલાપો | પૃ.૫૫૨ | કિં. ૩૦૦.૦૦ |

**: પ્રાપ્તિ સ્થાન :**

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર - રાજકોટ (૯૪૨૭૨ ૨૨૪૧૫)

શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ - વડોદરા (૦૨૬૫ - ૨૪૧૮૯૭૮)

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

# માનવોનો પ્રભુનો પ્રેમ (૫૦)

પ્રકરણ - ૩૨

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૯૦)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**આ એક ચમત્કાર છે કે માણસો પ્રભુને ચાહી શકે છે. પણ માનવ જાતિને ચાહી શકતા નથી. તો પછી એ પ્રેમ કોને કરતા હશે (૫૦)**

બાળક : માતાજી શું માનવ-પ્રેમ પ્રભુ પ્રાપ્તિનું સાધન નથી?

માતાજી : લોકદયા ને માનવપ્રેમ કહેતા હશો તો તે પ્રભુ - તરફ ઓછો લઈ જશે. તેમાં અહંકારને છૂપું પોષણ મળે છે. તમે પોતાને શ્રેષ્ઠ ગણો છો. અહંકારના રૂપાંતરમાંથી પ્રભુ તરફનો રસ્તો જાય છે.

પણ શ્રી અરવિન્દ અહિં એવા લોકો વિષે વાત કરે છે જે પ્રભુને આ જગત છોડી અન્યત્ર શોધે છે. તેઓ જગતનો ત્યાગ કરે છે અર્થાત્ માનવો ઉપર પ્રેમ નથી કરતા સન્યાસ માર્ગે આગળ વધે છે. તેઓ પોતાને માનવ જાતિથી અને જગતથી અલગ ગણે છે.

પણ માણસ તો પ્રભુના એક અંગરૂપ છે. તે તેના આવિર્ભાવનો એક અંશ છે. તેથી પ્રભુને ચાહવામાં માનવને પણ ચાહવાનું આવી જ જાય છે. આપણે અલગ કરી શકતાં નથી. માનવ જ નહિં પશુ, પક્ષી, કીટક, જડ પદાર્થો બધાં જ પ્રભુના આવિર્ભાવરૂપ જ છે. બધાંને ચાહવાનાં છે પણ આ ચાહના વસ્તુ કે વ્યક્તિ તરીકે નહિ પણ પ્રભુરૂપે.

સાધનામાં એક તબક્કો હોય છે, જ્યારે માનવ વસ્તુમાત્ર તરફથી તદ્દન વૈરાગ્યશીલ અને નિર્લેપ બની જાય છે. તે પછી ફરી તે નિર્લેપતામાં પ્રભુ સ્વરૂપો બાબતનો પ્રેમ જાગી વસ્તુમાત્રને પ્રભુ તરીકે ચાહવાનો તબક્કો શરૂ થાય છે. વચગાળાના નિર્લેપતાના તબક્કાને અંતિમ તબક્કો ગણવાની ભૂલ કરવાની નથી. (ક્રમશઃ)

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## ધન સંપત્તિને કેવી રીતે ભોગવશો ?

પ્રકરણ - ૩૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 122)

આજના જીવનમાં મૂળભૂત અને અન્ય સુવિધાઓ પ્રાપ્ત કરવા ધનની ડગલે ને પગલે જરૂર પડે છે. તેથી ધન કમાવીને બચત કરવી એ જાણે જીવનનો મહત્વનો ઉદ્દેશ ગણાઈ ગયો છે. વળી ધન-સંપત્તિ વાળાને સહુ મોટો ગણી માન આપે છે એ વધારાનો ફાયદો છે.

પરંપરાગત અધ્યાત્મ શાસ્ત્રમાં ધન-સંપત્તિને સાધનામાં બાધક ગણી છે. કારણ તે ધનની આસક્તિ વધારે છે, જીવનમાં એશોઆરામને મહત્વ આપી દેહભાવ વધારે છે. સમાજમાં માનપ્રતિષ્ઠા આપી અહંકારને પોષે છે. આમ આસક્તિમાં વધારો, દેહભાવમાં વધારો, અહંકારમાં વધારો, એવું બધું અધ્યાત્મ સામે અવરોધરૂપે ખડકાઈ જાય છે.

શ્રી અરવિન્દ આપણને આ બાબત સમન્વયાત્મક દૃષ્ટિકોણ અપનાવવા જણાવે છે. ધનશક્તિ એ ખરેખર જીવનને પોષણ આપતી દિવ્ય-શક્તિ છે દુર્ભાગ્યે તે વિકૃત થઈ ગઈ છે. પણ તે તેની મૂળ-સ્થિતિ નથી અને કાયમી સ્થિતિ પણ નથી. જો ધન-શક્તિને જીવન માટેની પોષક-શક્તિ તરીકે તેનું અસ્સલ સ્વરૂપ આપી શકીએ તો તે પ્રભુની દિવ્ય-શક્તિ તરીકે કામ કરી શકે છે. તે મહાલક્ષ્મીની શક્તિ છે, જેણે ધન-સંપત્તિ તરીકે ભૌતિકરૂપ ધારણ કરેલું છે. હાલમાં તેનો ગેરઉપયોગ જ થતો હોવાથી તે અસુરોના હાથમાં છે એમ કહેવાય છે.

તે પ્રભુની શક્તિ હોવાથી તેની ઉપર કોઈ વ્યક્તિની માલિકી હોઈ શકતી નથી. જેમ હવા કે પ્રકાશ કોઈની માલિકીનો નથી તેવી જ આ વાત છે.

બીજું, તે વિશ્વશક્તિ છે અર્થાત્ તે એક ઠેકાણે ભંડારી રખાતી નથી. તે જેમ ફરતી રહે તેમ વધારે સ્વચ્છ અને શુદ્ધ રહે છે. જેમ વહેતું પાણી સ્વચ્છ રહે તેવી જ આ વાત છે.

જેમ પાણીમાં જમીનનાં ક્ષારો મળી જવાથી તે વિકૃત બને છે તેમ ધન-સંપત્તિ પણ માલિકની તેના પ્રત્યેની અતિ આસક્તિને કારણે શ્રાપિત બની જાય છે. તે સંપત્તિ પ્રાણમય અદિવ્ય - શક્તિઓથી ઘેરાઈ જાય છે.

ધન-સંપત્તિ ધરાવનાર તેથી મળતી સુવિધાઓનો ગુલામ બની જાય છે. તેના વગર જીવવું મુશ્કેલ લાગે છે. આ વસ્તુઓની ગુલામી સાધનામાં અવરોધક નીવડે છે.

તેથી સાધના તરફ વળનારો પ્રથમ ધનથી આઘો ભાગે છે. સાચી આધ્યાત્મિકતા એમાં છે કે ધન મળે તો ભોગવો, ન મળે તો તે માટે કોઈ ગમ કે પસ્તાવો, આસક્તિ રાખો નહિ.

ધનવાન બનવા માટે અન્યોને ગરીબ કરવા જ જોઈએ એમ નથી. સાચું અને સમાજને હિતકારી ઉત્પાદન કરીને સમાજને આપીને માફક ધન કમાવાથી બીજાને ગરીબ કરવાની જરૂર જ નથી. તે સાચી ધન-વૃદ્ધિ છે.

જીવનનિર્વાહ માટે કમાવા નીકળતા જ સમાજના નિયમો આપણી ઉપર લદાય છે. પ્રભુને સમર્પિત રહી તે વ્યવહારુ નીતિનિયમોમાં રહી ધન કમાવું એ ઉત્તમ છે. પણ આવા નીતિનિયમોનું આધ્યાત્મિક મૂલ્ય કાંઈ નથી એ પણ જાણી લેવું જરૂરી છે.

અનીતિમાન માણસનું દાન આપણે આધ્યાત્મિક કાર્ય માટે સ્વીકારવું કે નહિ ? આ બાબતમાં શ્રી માતાજીએ જણાવેલ છે કે ધન-શક્તિ એ વૈશ્વિક-શક્તિ છે. જો તે સ્વેચ્છાએ આપતો હોય અને તેનો ઉપયોગ ખરેખર આધ્યાત્મિક હેતુ માટે વાપરવાનો હોય તો તે સ્વીકારી લેવું જોઈએ. તેથી તે વ્યક્તિનું પણ ભલું થાય છે. ધનશક્તિ પોતે પતિત હોતી નથી. વ્યક્તિ પતિત હોય છે, પણ સારા

(અનુ.પૃ.૩૭ ઉપર)

# સત્સંગનો મહિમા

પ્રકરણ - ૮

આનંદનગરના રાજાનો ખજાનચી ઘીસુમલ. શ્રીમંત પણ ભારે કંજૂસ.

એક દિવસ તે દરબારમાંથી ઘેરે આવતો હતો. રસ્તામાં તેણે એક માણસને માલપુવા ખાતા જોયો. ઘીસુમલને પણ ખાવાની ઈચ્છા થઈ. તેણે ઘેરે આવીને શેઠાણીને પોતાના મનની ઈચ્છા જણાવી. શેઠાણીએ ગરમાગરમ ચારપાંચ માલપુવા ઉતારી એકબીજા ઉપર રાખી ઠરવા મૂક્યા. પણ તે બધાં ચોંટી ગયા.

ત્યાં એક સાધુ આવ્યો. તે ગૌતમ બુદ્ધનો શિષ્ય હતો. તેણે ભીક્ષા માગી. શેઠને એક માલપુવો આપવો હતો. પણ કેમે કરીને માલપુવા છૂટા પડે નહિ.

સાધુ બોલ્યો, ''શેઠજી આજે ભગવાન ગૌતમબુદ્ધે મને ભીક્ષા લેવા મોકલ્યો છે. તેમના શિષ્યો પણ છે. મને વધારે માલપુવા આપો ? ઘીસુમલે કચવાતા મને બધાં આપી દીધાં. સાધુ બોલ્યો'', શેઠજી આવવું હોય તો ચાલો. ભગવાનના દર્શન થઈ જશે.'

ઘીસુમલ અને તેમની પત્નિ સાથે ગયાં. ભગવાન ગૌતમે તે માલપુવામાંથી બધાંને સરખો ભાગ આપ્યો. પછી પોતાનો ભાગ લીધો. આ જોઈ ઘીસુમલના મનમાં પણ પરિવર્તન થયું. તે ઘેરે આવતા જ શેઠાણીને કહે, ''આવતી કાલે શેરીનાં બધાં માટે માલપુવા કરજો.''

શેઠાણી તો પરિવર્તન જોઈને આશ્ચર્ય પામી પણ મનમાં હરખાણી. બીજે દિવસે તેણે શેરીમાં માલપુવા વહેંચ્યા.

શેઠે પૂછ્યું, ''બધાંને મળી ગયાં.''

શેઠાણી, ''હા''

પછી શેઠે મોઢામાં માલપુવાનો કોળીયો લીધો.

''શેઠાણી, આજના માલપુવાનો સ્વાદ જ અનેરો છે. બધાંને વહેંચી ખાવાનો આનંદ જ જુદો હોય છે.''

# શ્રી અરવિન્દનું એક સૂચક સ્વપ્ન
## (પૃથ્વીનું રહસ્ય)

પ્રકરણ - ૩૭

(ખંડ-૨, પૃ.૧૮૨-૧૮૩)
(૩૦-૫-૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શ્રી અરવિન્દ : ઘણાં સપના સૂચક અને અર્થ સભર હોય છે. ગઈ કાલે જ મને એક સ્વપ્ન પડ્યું. તેની વિગતો નીચે મુજબની છે.

એક છોકરીને શત્રુઓ બળજબરીથી ભગાડી જઈ રહ્યાં હતાં. તેઓ રાજાની રાજધાની તરફ વેગે જઈ રહ્યાં હતાં. તેઓ તેમાં સફળ ન થયાં. તે છોકરીને બે જણાં બચાવવા પ્રયત્ન કરી રહ્યાં હતાં. એક વૈજ્ઞાનિક હતો. બીજો જાદુગર. પ્રથમ વૈજ્ઞાનિકે પ્રયત્ન કર્યો પણ શત્રુઓએ તેને હંફાવ્યો. કારણ તે શત્રુઓ ઉપર તલવાર કે કોઈ હથિયાર કામયાબ ન નિવડ્યું. જાદુગરમાં ચૈતસિક શક્તિઓ હતી. પણ તે પહેલેથી જ પરાભૂત થઈ ગએલો. તેથી શત્રુઓ છોકરીને છૂપાવવામાં સફળ થયાં. વૈજ્ઞાનિક ભૂસ્તર શાસ્ત્રી પણ હતો. તે જાણતો હતો કે તેમણે તે પૃથ્વી ઉપર જ ક્યાંક છૂપાવી છે. તેણે પોતાના જ્ઞાનનો ઉપયોગ કર્યો. તેને ખબર હતી કે પૃથ્વીના સ્તરો તેના તળીએથી નહિ પણ ઉપરથી માપવા જોઈએ. તેથી તે છોકરીનો પત્તો મેળવી શક્યો. વૈજ્ઞાનિકને પોતાના જ્ઞાનને લીધે એક રૂમ જેટલું મોટું ભુસ્તર શાસ્ત્રનું પુસ્તક મળ્યું. તે પુસ્તકમાં જ છુપાવેલી છોકરીને તેણે શોધી કાઢી અને મુક્ત કરી.

આ સ્વપ્નનું રહસ્ય નીચે મુજબનું છે. જાદુગર એટલે ગૂઢ યોગ સાધના

કરીને સમાધિમાં સ્થિર થનારાં યોગીઓ. તેઓની ભૌતિક-જીવન ઉપર પકડ હોતી જ નથી. તેઓ પૃથ્વીરૂપી છોકરીને મુક્ત કરવામાં નિષ્ફળ ગયાં. વૈજ્ઞાનિક એટલે પૂર્ણયોગી. તેને પૃથ્વીને બચાવવામાં પ્રથમ નિષ્ફળતા મળી. કારણ તેણે ભૌતિક પ્રયોગોનાં પ્રયત્નોથી (તલવાર વગૈરે) પૃથ્વીનું રહસ્ય પ્રાપ્ત કરવા પ્રયત્ન કરેલો. તે પછી તેણે સમગ્ર બ્રહ્માંડની રચનાનાં અભ્યાસને મદદમાં લીધી (ભૂસ્તર શાસ્ત્ર) તેણે જાણ્યું કે પૃથ્વીનું રહસ્ય ઊર્ધ્વ ચેતનામાં ક્યાંક છે (ઉપરથી સ્તર ગણવા = ઊર્ધ્વમૂલમ્=ગીતા) તેણે તે મૂળ શોધી કાઢ્યું. પરમ-ચેતનાનું સત્-પાસુ એ જ તેનું મૂળ છે. તેના આધારે અવચેતન તત્ત્વોએ (શત્રુઓએ) છૂપાવેલી પૃથ્વીનાં રહસ્યને તેણે સમજી લીધું (છોકરીને મુક્ત કરી) પૃથ્વી પરમ-ચેતનાને પ્રગટ કરવાનો આધાર છે. એ જ તે રહસ્ય છે.

સ્વપ્નમાં અન્ય વિગતો એ છે કે શત્રુઓ ઘવાયા હતાં. તેથી તેઓ પોતાની રાજધાનીમાં જઈ શક્યાં નહિ. અવચેતનની રાજધાની એટલે અચેતન. અવચેતનમાં ઉતરી પૂર્ણયોગી તેમાં સભાનતા લાવે છે. તે તેનું ઘવાવું છે. તેઓ અચેતનની રાજધાનીમાં પ્રવેશીને પોતાને છૂપાવી શક્યાં નહિ તેમનો નાશ કરવામાં આવ્યો. (ક્રમશઃ)

---

(પૃ.૩૪ ઉપરથી)

## વિદ્યાર્થીઓને માર્ગદર્શન

કામ માટે પણ આવી વ્યક્તિની અંતિમ - ગતિ બાબત તેને ડરાવીને તેનું ધન પડાવી લેવું એ સાચી રીત નથી. આમાં આપણો પોતાનો મલિન ઈરાદો આપણને જ પતિત કરશે.

દાન પ્રતિષ્ઠા લાભ કે વગ વધારાવા માટે કરવું એ તો સોદાબાજી છે. ઈશ્વરના કાર્યમાં સહભાગી થવાનો નમ્રભાવ રાખીને કરેલું દાન એ જ સાચું દાન છે. તેમજ પોતાના જીવનની ન્યૂનતમ જરૂરિઆતો પૂરી કરવા વાપરેલું ધન એ પણ એનો સદ્ઉપયોગ જ છે. જીવન જરૂરિયાત સિવાયના ધનનો ઉપયોગ પ્રભુ કાર્યમાં કરવો એ જ ધનસંપત્તિનો સાચો ઉપયોગ અને ઉપભોગ છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૩૦

## યત્ પિંડે તત્ બ્રહ્માંડે

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- વ્યક્તિની અંદરની ચેતના ધીમે ધીમે વિશાલ બનીને તેની બહાર આવી રહેલ વૈશ્વિક ચેતના સાથે તદ્રૂપ બને છે. પૃ. ૨૮
- પ્રાચીન યોગની ભાષામાં તમારી અંદર, એટલે કે પિંડમાં બ્રહ્માંડને ધારણ કરવું એમ..... કહેવાતું... પૃ. ૨૮
- વૈશ્વિક ચેતના એટલે વિશ્વ સકલની ચેતના, એમાં વૈશ્વિક આત્મા અને સર્વે પ્રાણીઓ અને શક્તિઓ સમેત સમગ્ર વિશ્વ પ્રકૃતિનો સમાવેશ થઈ જાય છે. પૃ. ૨૮
- ..... એ બે વચ્ચેની ભેદ પડનારી અવિદ્યાની દીવાલ..... તૂટી પડે તો વ્યક્તિ પછી વૈશ્વિક પુરુષ વિષે, વૈશ્વિક પ્રકૃતિની ચેતના વિશે, તેની અંદર કાર્ય કરી રહેલી, -ખેલી રહેલી શક્તિઓ વિષે સચેતન બને છે. પૃ. ૨૯
- અત્યારે સ્થૂળ પદાર્થોને અને તેના આઘાત પ્રત્યાઘાતોને જેમ વ્યક્તિ પ્રતીતિપૂર્વક અનુભવે છે તે જ પ્રમાણે ઉપર મુજબ જણાવેલ સાક્ષાત્કારોને પણ તે પ્રતીતિપૂર્વક અનુભવે છે. પૃ. ૨૮

વ્યક્તિ ચેતના અને વૈશ્વિક ચેતના વિષે શ્રી અરવિન્દ જણાવી રહ્યા છે. વૈદિક કાળની ચાવીરૂપ અનુભૂતિ यत् पिण्डे तत् बह्माण्डे વિષે શ્રી અરવિન્દ

ખ્યાલ આપી રહ્યા છે.

વ્યક્તિ ચેતના યોગ દ્વારા જ્યારે વિકાસ પામે છે ત્યારે વ્યક્તિની ચેતનાનો ઉઘાડ વૈશ્વિક ચેતનામાં થવા માંડે છે. આ ઉઘાડને કારણે વ્યક્તિ અનુભવે છે કે તેની ચેતના વિશાલ અને વિશાળતર થઈ રહી છે, વ્યક્તિ ચેતનાની સીમાઓ જાણે ભાંગી પડે છે અને વ્યક્તિ કદી ન અનુભવેલી એક નુતન વિશાળતામાં પ્રવેશે છે, તેમાં એકરૂપ બને છે. આ વિશાળતા અને એકરૂપતા ઘણા પ્રકારની હોય છે અને તેની અનુભૂતિ પણ અનેક પ્રકારની હોય છે.

વ્યક્તિ વૈશ્વિક ચેતનાની આંતર ગતિઓ અને કાર્ય પદ્ધતિ જાણી શકે છે. તેનો પ્રભાવ પોતાની વ્યક્તિગત ચેતના પર પણ પાડી શકે છે અને તે જ રીતે તેની ઉપર પોતે કાર્ય પણ કરી શકે છે. પોતાનામાં ધારણ પણ કરી શકે છે. ખુદ પોતે જ વિરાટ વિશ્વમય પણ બની શકે છે અથવા તો પોતાનામાં વિરાટ વિશ્વોને સમાવી શકે છે. આ અને આવા અનેક પ્રકારના અનુભવો લઈ શકે છે. આ વૈદિક કાળમાં જણાવેલી यत् पिण्डे तत् ब्रह्मांडे ની અનુભૂતિ હોય છે. વૈશ્વિક ચેતના એટલે વિશ્વ સકલની ચેતના, જેમાં વિશ્વાત્મા, પ્રાણીઓ, શક્તિઓ અને સમગ્ર પ્રકૃતિનો સમાવેશ થાય છે. વ્યક્તિ જેમ છૂટી પડીને પોતાની બાબતે સભાન બની શકે છે તે જ રીતે વિશ્વ ચેતના પોતાની બાબતે સભાન હોય છે. વ્યક્તિ સ્વરૂપો એમ માનતા હોય છે કે પોતે આ વિશ્વ-સ્વરૂપથી જુદાં છે પરંતુ તે એક ભૂલભરેલી અને અજ્ઞાનવશ માન્યતા માત્ર હોય છે. જ્યારે વ્યક્તિ પોતાની ખુદની બાબતે સભાન હોય છે ત્યારે પણ વૈશ્વિક ચેતનાના અનેક પરિણામો વ્યક્તિગત ચેતના પર થતાં જ હોય છે. વ્યક્તિ પોતાની જાતને એક જુદી જ સત્તા તરીકે અનુભવે છે, છતાં પણ તેનામાં રહેલ અનેક ભાગો-વિભાગો અને સ્થરો પર વૈશ્વિક ચેતનાનો પ્રભાવ અને પરિણામ હોય જ છે. અવિદ્યા કે અજ્ઞાન જ વ્યક્તિ ચેતના અને વિશ્વચેતના વચ્ચે દિવાલ બનીને આવેલું હોય છે. આ દિવાલ તૂટતા જ અવિદ્યાનું પડળ ભાંગતા જ વ્યક્તિ મુક્ત બનીને વિશ્વ ચેતનામાં વિહરવા લાગે છે.

શરૂઆતમાં આ ક્ષણિક અને ટૂંકા ગાળાનો અનુભવ હોય, પરંતુ જેમ જેમ અવિદ્યાનું પડળ નબળું પડતું જાય છે, તેમ તેમ વ્યક્તિ વધુ ને વધુ વિશ્વ ચેતનામાં રહેતો થઈ જાય છે.

ભૌતિક જીવનમાં જેમ આઘાત અને પ્રત્યાઘાતો વાસ્તવિક અને સઘન (concrete) લાગે છે તે જ અનુભવ હવે વિશ્વ ચેતનામાં દિવ્ય રીતે અનુભવાય છે. વિશ્વિક ચેતનાના ઉપર જણાવેલ સાક્ષાત્કારો, - વિશ્વ ચેતનાની ગતિ કે ક્રિયાઓ જાણવી, તેને વ્યક્તિ જીવનમાં પરિણામકારી બનાવવી, વિરાટને પોતાનામાં ધારણ કરવું અથવા તો વિરાટમાં પોતે રહેવું - હવે સાધકને વાસ્તવિક અને સઘન લાગવા માંડે છે. તે બધાં ને જ પોતાના જ વિશાલતર સ્વરૂપ જોડે એટલે કે વિશ્વ આત્મા સાથે અદ્વૈતમાં છે એમ અનુભવે છે.

શ્રી અરવિન્દ સાવિત્રીમાં આ અનુભૂતિનું વર્ણન કરતાં કહે છે :

The great hammer-beats of a pent-up world-heart
Burst open the narrow dams that keep us safe
Against the forces of the universe.
The soul and cosmos face the equal powers.
A boundless being in a measureless Time
Invaded Nature with the infinite;
He saw unpathed, unwalled, his titan scope.
(Savitri, Page:83) (ક્રમશઃ)

---

(પૃ.૧૦ ઉપરથી)

## દિવ્ય-જીવન

તેને ફરી આપણે યાદ કરીને અનુભવવાનું છે. આ 'પ્રાપ્તસ્ય પ્રાપ્તિ' છે એમ શાસ્ત્રો જણાવે છે જે વસ્તુ આપણી વચ્ચે છે પણ ભૂલાઈ ગઈ છે તેને જ ફરી વાર શોધી કાઢવાની છે. ચશ્મા પહેરી ચશ્મા શોધતા ભૂલકણા પ્રોફેસર જેવી આપણી અવસ્થા છે. અથવા શાસ્ત્રોમાં કહ્યું તેમ આપણી અવસ્થા કસ્તુરીમૃગ જેવી છે. કસ્તુરી, મૃગની નાભીમાં જ હોય છે. પણ પોતે તે સમગ્ર જંગલમાં શોધતું ફરે છે અને થાકીને લથડી પડે છે ત્યારે તેને ભાન થાય છે કે કસ્તુરી તો તેની પાતાની નાભીમાં જ છે.

આ છે દૈવી જીવનનો પાયો. પરમ-ચેતના એ જ દૈવી જીવનનો આધાર અને પાયો છે. તે જ આરંભ બિંદુ છે. તે જ અંતિમ લક્ષ્ય પણ છે. અથથી ઈતિ સુધી આ એક જ આધાર છે. (ક્રમશઃ)

# વેદવિજ્ઞાન
- માનસિંહ ચાવડા

# વૈદિક દેવતા
## સૂર્ય (આદિત્યાઃ)

પ્રકરણ - ૭

યમરાજાને શત્રુ તરફ જવા ઋષિઓ પ્રાર્થના કરે છે યમરાજ્ઞો ગચ્છત્વ રિપ્રવાહઃ (ઋ૧૦-૧૬-૯)

યમરાજા નિમ્ન-ચેતનાઓને અંતિમ પરિણામ આપનાર દેવતા છે પણ તે પરિણામ એ રીતે આપે છે જેથી તે વ્યક્તિની ચેતના અનિચ્છાએ પણ ચેતનાના વિકાસ પ્રત્યે ધકેલાય.

યમરાજાના કાર્યો સૂર્યનાં જ કાર્યો પૈકીનાં નિમ્ન કાર્યો છે, એવું વર્ણન જોવા મળે છે.

વૈશ્વિક કિરણોને પોષક-ક્ષમતાથી ભરી દે છે. તેને પુષન્ (સૂર્ય) કહે છે. અથ યદ્રશ્મિપોષં પુષ્યતિ તત્પૂષા ભવતિ (નિ. ૧૨-૧૬) પુષન્‌રૂપે તે સવિતા (પ્રાણમય સૂર્ય)ની પ્રેરણાથી ગતિ કરે છે અર્થાત્ પ્રાણમય સૂર્યમાંથી નિકળતા વિશ્વકિરણો પોષણ આપનારાં હોવાથી તેમને પુષા અથવા પુષન્ કહે છે. વરવધુના કામ-સંબંધોને પુષા સફળ બનાવે છે અને પ્રસૂતિ પણ સુરક્ષિત કરાવે છે. પુષાને દંત વગરના જણાવ્યા છે. કારણ તેઓ તટસ્થ રીતે બધાને સરખી રીતે પોષણ આપે છે. તેમાં અલગતા રખાતી નથી. દંત બટકા કરીને અલગતા રચે છે. પુષન્ અલગતા રચતા નથી તેથી દંતહીન.

સરસ્વાન્ એટલે પાણીથી ભરેલો. પાણી એટલે પ્રાણમયશક્તિ. તે સૂર્યનું વિશેષણ છે પ્રાણમય સૂર્યને જ 'સવિતા' કહે છે. તેની સર્જનશક્તિ સાવિત્રી છે. સરસ્વંત મિતિ પ્રાણો વાચં (બૃહ ૪.૩૯) મનને જ સરસ્વાન્ કહ્યું છે. મનોવૈસરસ્વાન્ (શત બ્રા. ૭-૫-૧-૩૧) સરસ્વાન્ પોષણ આપે છે. તે પુષન્ છે. સરસ્વંતં પુષ્ટિયસિ રયિષ્ઠાન્ (અર્થવ ૭-૪૦-૨)

વિરાટપુરુષની આંખમાંથી સૂર્યની ઉત્પતિ દર્શાવી છે ચક્ષોઃ સૂર્યો અજાયત (યજુ ૩૧-૧૨) તેથી તેમને લોકોના કર્મોનાં સાક્ષી ગણ્યાં છે. સુરાય વિશ્વચ્ચ

ચક્ષસે (ઋ ૧-૫૦-૨).

સૂર્ય બધાંને પોષણ આપીને ટકાવતો હોવાથી તેને જગતનો આત્મા ગણેલ છે. સૂર્ય આત્મા જગતસ્તસ્થુશ્ચ (ઋ-૧-૧૧૫-૧) સૂર્યને 'બઘ્ન' કહે છે. કારણ તે બધાંને તેમના કર્મ સાથે બાંધે છે. બઘ્ન - સર્વેષાં સ્વસ્ય કર્મષુ તત્ફલેષુ। (ઋ અથર્વ સા.ભા.૭-૨૩-૨) તેને 'વામ' પણ કહે છે. કારણ તે જગતનો પાલક છે. અસ્ય વામસ્ય પલિતસ્ય (અર્થવ ૯-૧૪-૧) સૂર્ય શુદ્ધ અને પ્રકાશમય હોવાથી તેને 'શુક્ર' કહે છે. શુક્રઃ શોચમાનો દીપ્યમાનઃ સૂર્ય (અર્થવ ૬-૫૩-૧) બધાનાં પ્રેરક હોવાથી તે સવિતા કહેવાય છે. સવિતારમ્ અંતર્યામિતયા-સર્વસ્ય પ્રેરકં સૂર્ય (અથર્વ સા.ભા.૬-૧-૧) સૂર્ય દેવોના જનક છે - સૂર્યો વૈ દેવાનાં પ્રસવિતા (શત. બ્રા.૧-૧-૨-૧૭) સવિતાની પુત્રી સાવિત્રી છે. તેને પ્રજાપતિની પુત્રી અને સોમ અથવા અશ્વિનીકુમારની પત્ની પણ કહી છે. પ્રજાપતિ વૈ સોમાય રાજ્ઞ દુહિતરં પ્રાયચ્છત્ સૂર્યા સાવિત્રીમ્. અહિં સૂર્ય દેવોના સર્જક તરીકે પ્રજાપતિ છે અને તેમની પુત્રી સૂર્યા અથવા સાવિત્રી.

આદિત્યનાં આઠ નામ નીચે મુજબનાં છે. ભગશ્ચૈવાર્યમાશ્ચ મિત્રો વરુણ એવ ચ। ધાતા ચૈવ વિધાતા ચ વિવસ્વાંશ્ચ મહાદ્યુતિઃ (બૃહ ૫-૧૪૭) અર્થાત્ ભગ, અર્યમા, મિત્ર, વરુણ, ધાતા, વિધાતા, વિવસ્વાન્ અને મહાદ્યુતિઃ તે સિવાય ભાસ્કર,(દિવાકર) પૂષન્, સવિતા, આદિત્ય ચાર નામ છે. આમ કુલ બાર આદિત્યોના બાર નામ છે. સાયણાચાર્ય પ્રથમ આઠમાંના વિધાતાના બદલે ઈન્દ્ર ઉમેરે છે (ઋ. સા.ભા. ૨-૨૭-૧)

શતપથ બ્રાહ્મણ તથા ઋગ્વેદ બાર આદિત્યોના નામમાં વિધાતા, મહાદ્યુતિ, આદિત્યના બદલે શક્ર, ત્વષ્ટા અને વિષ્ણુ ઉમેરે છે. આ બધાં મળીને જગતને ધારણ કરી રાખે છે. ધારયંત આદિત્યાસૌ જગતસ્થા (ઋ ૨-૨૭-૪) આદિત્યોને પ્રજાનું શિર ઉત્તમભાગ ગણ્યો છે. અસતાદિત્યઃ શિરઃ પ્રજાનામ્। (તૈતિબ્રા. ૧-૨-૩-૩) આદિત્યનું એક વિશેષણ સંસ્ફાન છે. સંસ્ફાન એટલે પ્રવૃદ્ધ, પ્રદિપ્ત થએલો.

મિત્રને કારણે ભૌતિક જીવન અને માનસિક જીવન સુસંવાદિ બને છે તેથી મિત્રો દાધારઃ પૃથ્વીમુત દ્યામ (કાઠ સં ૨૩.૧૨) હમણા જ પેટાવેલા અગ્નિને મિત્ર કહેવાય છે ત્વમગ્ને વરુણ જાયસે યત્ વં મિત્રે ભવસિ યત્ સમિદ્ધઃ (ઋ ૫-૩-૧) તેજ પ્રમાણે રાત્રીના દેવતાને વરુણ અને સવારના પ્રકાશના દેવતાને મિત્ર કહ્યાં છે, વરુણને સમુબ્જિતાં મિત્રઃ પ્રાપ્તર્વ્યુબ્જતુ (અર્થવ ૯-૩-૧૮).

સારાંશ અવચેતનની રાત્રીની ચેતનાને અથવા તેવા જ નૂતન પ્રગટાવેલ અગ્નિને વરુણ કહે છે. જ્યારે ચેતના અધ્યાત્મ માર્ગે વળે તેવા અરૂણોદયને મિત્ર અથવા સાધનાથી પ્રદિપ્ત ભડકે બળતી પ્રકાશિત ચેતનાના અગ્નિને મિત્ર કહે છે.

વિવસ્વાન્ એ યમરાજાના પિતા ગણેલા છે. પ્રેત કર્મમાં વિવસ્વાન્‌ને બોલાવે છે અર્થાત્ વિવસ્વાન્ સૂક્ષ્મ શરીરમાંની પ્રકાશિત ચેતના છે. મનુ વિવસ્વાન્‌ના છાયારૂપ શરણ્યૂના પુત્ર. શરણ્યૂએ પોતા જેવી જ છાયારૂપ સ્ત્રી ત્યાં રાખેલી અને પોતે ચાલ્યા ગએલા. અગ્નિ વિવસ્વાન્‌ના દૂત છે અર્થાત્ મનોમય ચેતનાનો પ્રકાશ જ શારીરિક ચેતનાના તેજ રૂપે પ્રગટ થાય છે.

સૂર્ય-શક્તિ ગાયત્રી વિશે વેદોમાં નીચેનાં વિધાનો છે. ગાયત્રીએ પરમ-ચેતનાની સ્તૂતિરૂપ કર્મ છે.

ગાયત્રી ગાયતાઃ સ્તુતિકર્મણઃ (નિ.૭-૧૨) ગાયત્રીને અગ્નિ અને પ્રાણ કહ્યાં છે. અગ્નિહિ ગાયત્રી (જૈમિ. બ્રા. ૩-૧૮૪) ગાયત્રી વૈ પ્રાણઃ (શત બ્રા. ૧-૩-૫-૧૫) બધા ભવનો ગાયત્રી છે ઈમે વૈ લોકા ગાયત્રી (તા.મ.બ્રા.૧૫-૧૦-૯) ગાયત્રીને વેદમાતા પણ કહ્યાં છે. સર્વવેદ સારત્વેન માતૃવત્પ્રધાન ભૂતા સાવિત્રી વેદ એવ વા માતા (અર્થવ સા.ભા.૧૯૭૧-૧)

સારાંશ ગાયત્રી પ્રાણશક્તિ રૂપ છે. તેમાંથી જ બધાં લોકો રચાયા છે. તે લોકોમાં તે સ્થિર હોવાથી તેમને ગાયત્રી કહે છે. ગાયત્રી મંત્રમાં આવા વૈશ્વિક પ્રાણની સ્તુતિ છે. સાવિત્રી તે પ્રાણની સર્જન-શક્તિ છે. તે વેદોનો કેન્દ્રિય વિચાર હોવાથી સાવિત્રીને વેદમાતા કહે છે.

રોહિત આદિત્યનો ઉલ્લેખ અથર્વ વેદના ૧૩માં કાંડમાં જણાવેલ છે. લાલ રંગ પ્રગતિ અને સક્રિયતા દર્શક છે. સૂર્યની સર્જક-શક્તિ સાવિત્રી જ્યારે સક્રિય બને છે ત્યારે સૂર્ય લાલ પ્રકાશરંગનો દેખાય છે. તેથી તેને રોહિત આદિત્ય કહે છે. આવા સૂર્યે જ વિશ્વ રચ્યું છે. તેથી અથર્વ વેદ જણાવે છે કે યો રોહિતો - વિશ્વમિદં જજાન..... અર્થવ - ૧૩-૧-૧)

રોહિતો દ્યાવાપૃથિવી જજાન (અર્થવ ૧૩-૧-૬) અર્થવ વેદમાં એક ઠેકાણે રોહિત અશ્વો આદિત્યને લઈને ચાલે છે (અર્થવ ૧૩-૩-૧૭) એવો ઉલ્લેખ છે.

સારાંશ, રક્તકિરણો (Infra-red Cosmic Rays) જ લાલ અશ્વો હોવાની શક્યતા છે. (ક્રમશઃ)

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## અભીપ્સા

પ્રકરણ - ૩

(પૃ. ૬-૧૦)

(ગતાંકથી ચાલુ)

૧૦ **સાધકને પોતામાં અભીપ્સાનો અને અનુભૂતિઓ બન્નેનો અભાવ દેખાતો હોય ત્યારે સાધકે સાધનામાર્ગમાં ટકી રહેવા શું કરવું જોઈએ ?**

તેવા સાધકે શાંત રહેવું અને જગન્માતાનું સ્મરણ કરવું, તેમને સહાય માટે સાદ પાડવો.

૧૧ **શું ફક્ત અભીપ્સાથી જ સાધકને શરૂઆતથી જ દિવ્યતાને પ્રાપ્ત કરવી શક્ય છે ?**

જો તે અભીપ્સામાં ચૈતસિક અને આધ્યાત્મિક સંપૂર્ણ શુદ્ધતા હોય તો વિરલ સાધકમાં તેવું શક્ય છે.

૧૨ **શું માતાજીના સંકલ્પ અને કૃપાથી અભીપ્સામાં વધારો થાય છે ?**

જો સાધકમાં અભીપ્સા હશે તો તેવી શક્યતા છે. પણ અભીપ્સા જ ન હોય તો તે શક્ય નથી.

૧૩ **મારામાંની અભીપ્સાને શ્રી માતાજીની શક્તિ જ બળવાન બનાવી રહી છે. તો હવે મારો સ્વપ્રયત્ન કયા સ્વરૂપનો હોવો જોઈએ ?**

તમારે તે દરમિયાન શ્રી માતાજીના કાર્યને સંમતિ આપતા રહેવાનું છે. પ્રભુના પ્રકાશ ઉપર દૃષ્ટિ રાખી, પ્રભુની હાજરી અનુભવતા અનુભવતા તે દિવ્ય-કાર્યમાં સહભાગી થઈ તે કાર્ય અખંડ ચાલતું રહે

તેની કાળજી લેવાની છે.

૧૪ **શું શ્રી માતાજી પોતે જ અમારી ચેતનાને પણ સક્રિય કરી તેના કાર્યને નથી દોરતા?**

તમારી વ્યક્તિગત ચેતના જુની ઘરેડમાં જીવવા માંડે છે ત્યારે શ્રી માતાજી તેને તેમાં સક્રિય કરી દોરતા નથી. આવું આપણી ચેતના ન કરે તેની કાળજી આપણે લેવાની છે.

૧૫ **શું એ સાચું નથી કે ચેતનાના ઊર્ધ્વભાગો પ્રત્યે બધીર વ્યક્તિના નિમ્ન ભાગોમાં શ્રી માતાજી કાર્ય કરીને, ભૂલો કરાવીને, તેના પરિણામ સ્વરૂપ દુઃખો ભોગવવા આપી તેને ઊર્ધ્વભાગો પ્રત્યે વાળવાનો પ્રયત્ન કરે છે?**

શ્રી માતાજી ભૂલો નથી કરાવતા, વ્યક્તિનો અજ્ઞાની મનોમય, પ્રાણમય કે શારીરિક પુરુષ ભૂલો કરાવે છે. શ્રી માતાજી પોતે દિવ્ય-શક્તિ છે. તેઓ નિમ્નપ્રકૃતિ ઉપર દબાણ લાવી તેનું રૂપાંતર કરવા મથે છે. તે દબાણમાંથી છૂટવાના અજ્ઞાની પુરુષના ઘાંઘા પ્રયત્નો જ ભૂલ કરાવે છે અને તે જ દુઃખો ભોગવે છે.

૧૬ **શું નિમ્ન પ્રકૃતિને પ્રભુએ જ બનાવેલી નથી? જો તે પ્રભુએ કરેલી રચના હોય તો તે શ્રી માતાજીની શક્તિ અને તેનો અંશ જ નથી શું?**

જગતમાંની બધી રચનાઓ સીધે સીધી પ્રભુએ બનાવેલી નથી. જેમાં અજ્ઞાન પ્રવેશી ગએલ છે, તેવા મધ્યસ્થ તત્ત્વોની તે રચના હોય છે. તેથી તેમાં સત્ય અને અસત્ય બન્નેનું મિશ્રણ હોય છે. શ્રી માતાજી આવી મધ્યસ્થ અજ્ઞાની શક્તિ નથી. તે મૂળભૂત દિવ્ય-શક્તિ છે. તે સત્યનું નીચે અવતરણ કરાવીને બધાંને સત્ય તરફ આરોહણ કરાવે છે.

૧૭ **મારામાં કાર્ય કરી રહેલ શ્રી માતાજીની શક્તિને અનુમતિ આપવા માટે કયા સ્વરૂપનાં અંગત પ્રયત્નો કરવાની જરૂર છે?**

પોતાની જાતને શાંતિ, જ્યોતિ, સત્ય, આનંદ જેવી સાચી વસ્તુઓ પ્રત્યે ખુલ્લી કરવી અને ક્રોધ, કામના, અસત્ય વગેરે અસત્ય

વસ્તુઓનો ઈન્કાર કરવો એ પ્રકારનો અંગત પ્રયત્ન હોવો જરૂરી છે. દુરાગ્રહ, અહંકાર, પ્રાણમય આવેગો, મિથ્યાભિમાન, જડતા, કામનાઓ આ વસ્તુઓ શ્રી માતાજીન કાર્યમાં બાધારૂપ બને છે.

**૧૮ શું એ સાચું નથી કે સાધકનું મન અજ્ઞાની અને સંકુચિત હોવા છતાં જો તેની અભીપ્સા સાચી હોય તો પ્રભુ પોતે જ પાત્રને પોતાના અવતરણ માટે ગુણવત્તા ધરાવતું કરી લે છે?**

હા, તે સત્ય છે પણ તેવા સાધકના મનમાં પોતાના અજ્ઞાન અને સંકુચિતતા માટે દુરાગ્રહ, મિથ્યાભિમાન અને મોહ ન હોવો જોઈએ.

**૧૯ મનની સંકુચિતતા પ્રત્યે મોહ હોવો તેનો અર્થ શું?**

પોતાની સંકુચિતતા સ્વરૂપ મર્યાદિત ખ્યાલો, લાગણીઓ, અભિપ્રાયો, ગણા-અણગમા પ્રત્યે વળગી રહેવાનો આગ્રહ અને પ્રેમ હોવો તેને જ મોહ કહેવામાં આવે છે. પોતાની સંકુચિતતા બચાવવા તેઓ વિશાળ વિચારો વગેરે પ્રત્યે ગુસ્સો દર્શાવે છે, શંકા કરે છે, વિરોધ કરે છે.

**૨૦ શું વિકસિત બુદ્ધિ વાળો વિદ્વાન અભણ અને અવિકસિત બુદ્ધિ ધરાવતા તીવ્ર અભીપ્સુ કરતા ઝડપી પ્રગતિ કરે છે?**

વિકસિત બુદ્ધિવાળા વિદ્વાનનું મન દૃઢ સંકલ્પશક્તિ ધરાવતું જ હોય તેવું નથી. સાધનામાં તીવ્ર અભીપ્સા અને દૃઢસંકલ્પ જ જલદ વિકાસ કરાવે છે.

**૨૧ દૃઢ સંકલ્પશક્તિ ધરાવતું મન કેવી રીતે વિકસાવાય?**

જ્યારે વ્યક્તિ વસ્તુઓને વિવેકથી અને વિશાળ દૃષ્ટિથી યોગ્ય સ્થાન આપે અને તે વખતે સત્ય પ્રત્યે ખુલ્લા દિલથી નમનીય વલણ અપનાવે તો તેનું મન પોતાની મેળે દૃઢ સંકલ્પ ધરાવતું થઈ જાય છે.

**૨૨ દુર્બળ અને સંકુચિત મન ધરાવતી વ્યક્તિએ પોતાના મનનો ઉપર મુજબનો યોગ્ય વિકાસ કરવા પોતે અંગત યત્ન કરવો જોઈએ કે પ્રભુકૃપા ઉપર તે કાર્ય છોડી દેવું જોઈએ જેથી તે પોતાની મેળે વિકસે?**

જો તેનો ચૈત્યપુરુષ સક્રિય હોય અને તેનું હૃદય તેની પ્રત્યે ખુલ્લું હોય તો
(અનુ.પૃ.૫૦ ઉપર)

# પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

## પરમ પ્રકાશની આરાધના

કોઈ પણ ધર્મ સ્થળ હોય પછી તે મંદિર હોય, મસ્જીદ હોય, ચર્ચ હોય, જ્યાં દીપક, મીણબતી, અગરબત્તી અથવા ધૂપ પ્રગટાવવામાં આવે છે. આ દીપક, મીણબતી, ધૂપ શા માટે પ્રગટાવવામાં આવે છે તેવો પ્રશ્ન સ્વભાવિક થાય.

વેદોએ માનવના આત્માને જ્યોતરૂપે અનુભવ્યો છે. તેના પ્રતીકરૂપે દીપક, મીણબતી વિગેરે પ્રગટાવવામાં આવે છે.

જ્યોતમાં પ્રકાશ અને ઊર્જા બન્ને હોય છે. આ દ્રષ્ટિએ દીપક, મીણબતી વિગેરેને સ્થૂલ પ્રકાશ તરીકે મુલવવાતા નથી, પરંતુ પરમ પ્રભુના જ્ઞાન અને શક્તિના પ્રતીક તરીકે અનુભવવાના છે. જ્યોતમાં જ્ઞાન અને શક્તિનો સમન્વય હોવાથી પરમ પ્રકાશરૂપે અનુભવાય છે. પરમ પ્રકાશની પ્રાપ્તિ એટલે અચિત્‌ની પરમ ચેતના પ્રતિની ઉત્ક્રાંતિ. દીપકમાં રહેલ કોડીયું, વાટ અને દિવેલ અચિત્‌ના પ્રતીક છે. જ્યારે દીપક જ્યોતરૂપે પ્રગટે છે, ત્યારે તે પ્રકાશ અને ઉર્જા પ્રગટાવે છે. આમ અચિત્‌માંથી જ્ઞાન અને ઉર્જા પ્રગટ થતાં હોવાથી અચિત્ સચેતનમાં રૂપાંતર પામે છે. અત્યારે અચિત્ ઉત્ક્રાંત પામી માનવ સ્વરૂપ પામેલ છે. માનવમાં રહેલ સચેતન જ્ઞાન અને ઉર્જા માનવના ચૈત્યપુરુષ દ્વારા અભિવ્યક્ત થાય છે. માનવના મન, પ્રાણ અને શરીર સચેતનતાને અભિવ્યક્ત કરવાનાં સાધનો છે.

માનવની નજર સમક્ષ ગુલાબ ન હોવા છતાં માનવ ગુલાબ શબ્દ સાંભળે છે ત્યારે તે ગુલાબની સુવાસ, રંગ, મુલાયમતા વિગેરે અનુભવે છે. માનવ સમક્ષ ગુલાબજાંબુ ન હોવા છતાં ગુલાબજાંબુનું નામ સાંભળતા માનવ ગુલાબજાંબુની

મીઠાશ, રંગ વિગેરે અનુભવે છે. માનવમાં આ અનુભૂતિનું કારણ માનવના ચેતનતત્ત્વના પ્રતિનિધિરૂપ ચૈત્યપુરુષને આભારી છે. ચૈત્યપુરુષ માનવની ઇન્દ્રિયોનો વસ્તુની ચેતના સાથે સંપર્ક સ્થાપિત કરે છે. જે સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે. ''ઇન્દ્રિયો એ મૂળમાં તો શરીરના કોઈ વિશિષ્ટ અંગોની ક્રિયા નથી, પણ પોત પોતાના વિષય સાથેનો ચેતનાનો સંપર્ક 'સંજ્ઞાન' છે.'

પરમ પ્રકાશ એટલે સ્થૂલ પ્રકાશ નહીં, પરમ પ્રકાશની અનુભૂતિ એટલે માનવના અંગોની ક્રિયા નહીં, પરંતુ માનવ ઇન્દ્રિયોનો પ્રભુની ચેતના સાથે સીધો સંપર્ક. પ્રભુની ચેતના સાથે આ સંબંધ કેવી રીતે પ્રસ્થાપિત કરવો તે સમજવા માટે શ્રીમદ ભાગવતમાં આવતો ગોપીઓનો યશોદામૈયા સાથેનો સંવાદ મદદરૂપ થાય છે.

ગોપીઓ : માતા, તારો કાનુડો અમારું માખણ ચોરી જાય છે.

યશોદા મૈયા : માખણને અંધારામાં રાખો.

ગોપીઓ : અમે માખણ તો અંધારામાં રાખીએ છીએ. પરંતુ કાનુડો અમારા ઘરમાં પ્રવેશ કરે છે ત્યારે સમગ્ર ઘર પ્રકાશથી પ્રજ્જવલિત થઈ જાય છે.

આ પ્રસંગ સમજાવે છે કે જ્યાં પ્રભુની હાજરી હોય ત્યાં અંધકારનું અસ્તિવ ન હોય, ફક્ત પ્રકાશ ઉત્સર્જીત થતો હોય છે.

સાધકે અજ્ઞાનમાંથી મુક્તિ પામી જ્ઞાનની પ્રાપ્તિ અર્થે પોતાના હૃદયમાં પ્રભુની હાજરી - પ્રકાશ કેવી રીતે પ્રસ્થાપિત કરવો તે સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે : ''શરૂઆતમાં માત્ર એટલું કરવાનું કે બની શકે તેટલું શ્રી માતાજીનું સ્મરણ કરતા રહો, હરરોજ થોડીવાર હૃદયની અંદર શ્રી માતાજી ઉપર એકાગ્રતા કરતા રહો, બની શકે તો શ્રી માતાજી મા ભગવતી છે એ રીતે એમનો વિચાર કરતા રહો, તમારી અંદર શ્રી માતાજી છે એ રીતે એમનો વિચાર કરતા રહો, તમારી અંદર શ્રી માતાજી છે એ રીતની અનુભૂતિ મેળવવા માટે અભીપ્સા કરો, તમારા કાર્યો તેમને અંદરથી માર્ગદર્શન આપતા રહે તથા સહાય આપતા રહે. સાધનાની આ પ્રાથમિક અવસ્થા છે. - (શ્રી માતાજી દિવ્યસ્વરૂપ : ૫૮) - શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દે સમજાવ્યું છે તે મુજબ સાધકે સ્થૂલ જગત વિશે વિચારવાને

બદલે સતત શ્રી માતાજીનું સ્મરણ કરવાનું છે, પોતાની જાત શ્રી માતાજીને સમર્પિત કરવાની છે, પોતાનો અહંકાર ઓગાળી ચૈત્યપુરુષને અગ્રભાગે સ્થાપવાનો છે.

સાધકનો ચૈત્યપુરુષ અગ્રભાગે આવે એટલે સાધક ચૈત્યપુરુષના ગુણરૂપી અભીપ્સા સેવતો થાય છે. શ્રી માતાજી અને પોતે એકરૂપ થાય છે. શ્રી માતાજી સાથેની એકરૂપતા સાધકને પ્રત્યેક ક્ષણે અંદરથી માર્ગદર્શન આપે છે.

આ ઘટનાને સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે : ''એવી બે જ શક્તિઓ છે જેમના કાર્યનો એક સાથે યોગ થાય તો આપણી યોગસાધના મહાન કષ્ટ સાધ્ય ઉદ્દેશને સિદ્ધ કરવાને સમર્થ બને, એક નીચેથી, એટલે કે માનવમાંથી સાદ કરતી સ્થિર અને સદા જાગ્રત અભીપ્સા - તમન્ના - ધગશ તથા બીજી ઊર્ધ્વ લોકમાંથી એનો પ્રત્યુત્તર આપતી પ્રભુની પરમ કરુણા.'' (મા : પૃ.૧) - શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દે સમજાવ્યા મુજબ મહાન કષ્ટ સાધ્ય યોગસાધના અભીપ્સા અને કરુણાના સમન્વય દ્વારા સિદ્ધ થાય છે. આ સિદ્ધિ કઈ છે, તો આ સિદ્ધિ એ શ્રી અરવિન્દે આપેલ ગાયત્રી મંત્રને આત્મસાત કરવો અને તે મુજબ જીવન વ્યતિત કરવું.

શ્રી ગાયત્રી મંત્ર :

''तत्सवितुर्वरं रूपं ज्योति परस्य धीमहि।''

यन्नः सत्येन दिपयेत॥

''આપણે સવિતાનારાયણના પવિત્રરૂપ પરમ જ્યોતનું ધ્યાન ધરીએ, જે આપણને સત્યથી પ્રકાશિત કરે આલોકિત કરે.''

શ્રી અરવિન્દે સમજાવ્યા મુજબ પરમ જ્યોતરૂપ પરમાત્મા માનવના સમગ્ર અસ્તિત્વને સત્યથી આલોકિત કરી આપે છે. આલોકિત એટલે ઈલેકટ્રીક બલ્બ જેવી અવસ્થા. ઈલેકટ્રીક બલ્બ જેવી રીતે પોતાની અંદરના પ્રકાશથી પ્રજવલિત બને છે, તે રીતે સાધકનું વ્યક્તિત્વ અંદરથી પ્રભુની ચેતના દ્વારા પ્રકાશિત થાય છે. જે રીતે ઈલેકટ્રીક બલ્બમાં કાચનો ગોળો હોય છે, જેની વચ્ચે રહેલા ફીલામેન્ટ દ્વારા પ્રકાશિત થાય છે, તે રીતે સાધકનું વ્યક્તિરૂપ તો રહે છે, પરંતુ સાધકના ચૈત્યપુરુષરૂપી ફિલામેન્ટ દ્વારા સાધક પરમ ચેતના દ્વારા પ્રજવલિત

થાય છે. સાધકમાં પરમ ચેતનાનું સત્ય ઉતરી આવે છે અને સાધક પ્રકાશિત થઈ પ્રભુના સત્યને જગતમાં ઉત્સર્જીત કરે છે.

સાધકનું વ્યક્તિત્વ કેવી રીતે દિવ્ય પ્રકાશમય બની જાય છે તે સાધનાની પ્રક્રિયા આમાં આવે છે.એક છેડે પરમ જ્યોતિરૂપ પરમાત્મા છે અને બીજે છેડે સાધક અંધકારમય ઈલેકટ્રીક બલ્બ એટલે માનવના વ્યક્તિને પ્રકાશિત કરનાર ચૈત્યપુરુષ તો છે જ, પણ જ્યારે પરમ પ્રકાશ તેનામાં કાર્યવંત થાય ત્યારે તે પ્રકાશિત થાય છે.

ચૈત્યપુરુષે પોતે આલોકિત થવા માટે જીવંત અભીપ્સા સેવવી પડે છે. જેનો પ્રત્યુત્તર પ્રભુની કરુણા તેને પ્રકાશિત કરે છે.

પરમ પ્રકાશની આરાધના એટલે પ્રભુના પ્રકાશ દ્વારા દિવ્ય જીવન.

By light we live and to the Light we go. (Savitri - P.601) - Sri Aurobindo

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....

---

(પૃ.૪૬ ઉપરથી)

## યોગના મૂળ તત્ત્વો


ચૈત્યપુરુષ જ સાધનાના વિકાસ સાથે તેના મનને પણ ઉપર મુજબ વિકસાવે છે. પણ ચૈત્યપુરુષ જાગૃત ન હોય અને તેના હૃદયમાં સચ્ચાઈ ભર્યું ખુલ્લાપણું ન હોય તો તેણે પોતાના મનના યોગ્ય વિકાસ માટે અંગત પ્રયત્નો કરવા જરૂરી છે.

**૨૩ મનની સંસ્કારભરી યોગ્ય કેળવણી અને વિકાસ માટે સાધકે શું પોષક પુસ્તકોનું વાંચન કરવું જરૂરી છે ?**

પુસ્તકોનાં વાંચનથી તેમાં વસ્તુઓ પ્રત્યે વિવેકભરી સ્પષ્ટ અને યોગ્ય દૃષ્ટિ ખીલે અને તેનું ચિંતન તેને મદદરૂપ થાય તો જ પુસ્તકોના વાંચનનો સાચો ઉપયોગ થાય છે. ફક્ત વિગતો ભેગી કરવાનો સાધનામાં કોઈ ઉપયોગ નથી.

**૨૪ શું આધ્યાત્મિક મનુષ્યોનો સત્સંગ પ્રભુ પ્રત્યેની અભીપ્સા પ્રગટ કરવામાં મદરૂપ થાય છે ?**

હા, જો તેનો સાધના માટે સાચી રીતે ઉપયોગ કરીએ તો. (ક્રમશઃ)



# શ્રી અરવિંદ

She accepted not to close the luminous page,
Cancel her commerce with eternity,
Or set a signature of week assent,
To the brute balance of the world's exchange.

Sri Aurobindo (Savitri - B-1, C-2, P-19)

## સાવિત્રીની સમસ્યા

ભાવાનુવાદ

સનાતનતા સાથેનો વિનિમય તથા
માનવોના પ્રકાશમય ભાવિ તણું,
પાનું બંધ કરવા ન તે ઈચ્છતી,
કે હાલની જગતની વન્ય સમતુલાને,
તેણે કદાપિ ન આપી સંમતિ.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# ચતુર્થ સપ્તર્ષિ - વિશ્વામિત્ર

ગાયત્રીના શોધક ગણ્યાં, વિશ્વામિત્ર ઋષિવર,
જ્ઞાનદાયિની સૌરશક્તિ કહી, પ્રકૃતિની વિશુદ્ધિકર.

જ્ઞાનશકિત વિવેક દે, ને પરિત્યાગનો ભાવ,
બુદ્ધિક્ષમતા વિકસાવી દે, ને દિવ્યભાવનો રાહ.

આ વિશુદ્ધિ સક્ષમ કરે, પ્રકાશ ધારણા શુદ્ધ,
પ્રકાશ રૂપ ચેતના બને, બને 'ભારતી' રૂપી.

સરવાણી આંતરપ્રેરણા તણી, ફૂટે વારંવાર.
દર્શન, શ્રવણે વ્યક્ત બને, ને ચેતનાનો વિસ્તાર.

જેને શાસ્ત્રો 'મહિ' કહે, ચિત્સાગર વિશુદ્ધિ અપાર,
શાંતિ, સમતા સહજ બને, ને સમજણનો પ્રકાશ.

સાધન-માર્ગ સુલભ બને, અવરોધોનો થાએ નાશ.
અનુભૂતિઓના અજવાળે, સુખમય થાએ પ્રવાસ.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત